અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ જાન્યુઆરી ૨૦૨૪, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ તેરસ
વર્ષ : ૧૫
અંક : ૧૬૦
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### બિલ્કિસ બાનો કેસમાં રાજ્ય સરકારને મોટો ફટકો

# બિલ્કિસ કેસમાં દોષિતોને સજામાં રાહત સુપ્રીમે રદ કરી

## ગોધરાકાંડ પછી તોફાનોમાં બિલ્કિસ બાનો પર દુષ્કર્મ કેસમાં ૧૧ લોકોને દોષિત ઠરાવાયા બાદ રાજ્ય સરકારે સજામાં રાહત આપી હતી, હવે જેલમાં જવું પડશે

। નવી દિલ્હી, તા.૮ ।

ગુજરાત સહિત દેશભરમાં ચકચાર મચાવનાર બિલ્કિસ બાનો કેસમાં સુપ્રીમ કોર્ટે દોષિતોને સજામાં અપાયેલી રાહત રદ કરી છે. દોષિતોને ઉમરકેદની સજા થઈ હતી પરંતુ સજા પૂરી થાય તે પહેલાં જ ગુજરાત સરકારે તેમને મુક્ત કરી દીધા હતા. તેની સામે સુપ્રીમ કોર્ટમાં પિટિશન થઈ હતી. આજે સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે બિલ્કિસ બાનો પર બળાત્કારના કેસમાં દોષિતોને છોડી મૂકવામાં આવ્યા તે અયોગ્ય છે. તમામ ૧૧ આરોપીઓ ફરી જેલમાં જશે.

વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડ પછી ફાટી નીકળેલા તોફાનોમાં બિલ્કિસ બાનો પર કેટલાક લોકોએ દુષ્કર્મ કર્યો હતો જેનો કેસ ચાલી જતા ૧૧ લોકોને દોષિત ઠરાવાયા હતા અને જેલની સજા કરવામાં આવી હતી. પરંતુ ગયા વર્ષે ગુજરાત વિધાનસભાની ચૂંટણી અગાઉ જ રાજ્ય સરકારે ૧૧ દોષિતોની સજા



માફ કરીને તેમને જેલમાંથી મુક્ત કર્યા હતા. ગુજરાત સરકારના આ નિર્ણયનો વિરોધ થયો હતો. કારણ કે એક તરફ સરકાર મહિલાઓ વિરુદ્ધના ગુનામાં સખત કાર્યવાહી કરવાની વાતો કરતી હતી અને બીજી તરફ જેમની સામે રેપનો ગુનો સાબિત થઈ ગયો હતો તેવા દોષિતોને જેલમાંથી મુક્ત કર્યા હતા. એટલું જ નહીં ૧૧ દોષિતો જેલમાંથી બહાર આવ્યા પછી તેમનું સન્માન પણ થયું હતું અને કેટલાક લોકો રાજકીય સભાઓમાં મંચ પર પણ જોવા મળ્યા હતા. બિલ્કિસ બાનો કેસમાં દોષિતોને મુક્ત કરવા વિશે સુપ્રીમ કોર્ટ શું ચુકાદો આપે છે તેના પર આજે સૌની નજર હતી. તેમાં સુપ્રીમે કહ્યું કે દોષિતોને સજામાફી આપવા વિરુદ્ધ બિલ્કિસ બાનોની અરજી સ્વીકાર્ય છે. સુપ્રીમ કોર્ટે દોષિતોને મુક્ત કરવા અંગે ગુજરાત સરકારનો નિર્ણય ફગાવી દીધો હતો જેના કારણે તમામ ૧૧ દોષિતોએ હવે ફરીથી જેલમાં જવું પડશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ કેસમાં દોષિતોને મહારાષ્ટ્રની કોર્ટમાં સજા થઈ હતી. તેથી તેમની સજા માફ કરવાનો અધિકાર ગુજરાત સરકાર પાસે નથી. આ કેસમાં એક દોષિતે હકીકતો છુપાવી હતી અને સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે દોરી હતી જેના કારણે સુપ્રીમ કોર્ટે ૨૦૨૨માં સજામાફીની અરજી વિશે વિચારવા ગુજરાત સરકારને જણાવ્યું હતું.

કોર્ટે કહ્યું કે બિલ્કિસ કેસમાં દોષિતોને મુક્ત કરવાનો ઓર્ડર આપવા માટે ગુજરાત સરકાર સક્ષમ ન હતી.

દોષિતોને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા ત્યાર પછી સીપીએમના નેતા શુભાષિની અલી, સ્વતંત્ર પત્રકાર રેવતી લાઉ અને લખનૌ યુનિ.ના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર રુપ રેખા વર્મા વગેરેએ તેની સામે સુપ્રીમમાં અરજી કરી હતી.

### સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે શેરબજારમાં ભારે નબળાઈ

# સેન્સેક્સમાં ૬૭૧, નિફ્ટીમાં ૧૯૮ પોઈન્ટનો કડાકો બોલાયો

### શેરબજારમાં અદાણી પોર્ટ્સ, ઓએનજીસી, એચસીએલ ટેક અને હીરો મોટોકોર્પના શેરમાં વધારો નોંધાયો

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે શેરબજારમાં ઘણી નબળાઈ નોંધવામાં આવી હતી. બીએસઈ સેન્સેક્સ અને એનએસઈ નિફ્ટીએ તેમના કારોબારને રેડમાં સમાપ્ત કર્યો. જોકે, નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨૧૫૦૦ના સ્તરને તોડી શક્યા નથી અને ૨૧૫૦૦ના સ્તરે સપોર્ટ લીધો છે. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ સોમવારે ૧૯૮ પોઈન્ટ ઘટીને ૨૧૫૧૩ ના સ્તરે બંધ થયો હતો જ્યારે બીએસઈ સેન્સેક્સ ૬૭૧ પોઈન્ટની નબળાઈ સાથે ૭૧૩૫૫ ના સ્તર પર બંધ થયો હતો.



સોમવારે, નિફ્ટી મિડકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૧.૦૯ ટકાની નબળાઈ નોંધ્યો હતો જ્યારે બીએસઈસ્મોલ કેપ ૦.૨૮ ટકાની નબળાઈ સાથે બંધ થયો હતો. નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક એક ટકાથી વધુ ઘટીને બંધ થયા છે.

અદાણી પોર્ટ્સ, ઓએનજીસી, એચસીએલ ટેક અને હીરો મોટોકોર્પના શેરમાં સોમવારે વધારો નોંધાયો હતો, જ્યારે યુપીએલ, નેસ્લે ઈન્ડિયા, એસબીઆઈ લાઈફ અને એસબીઆઈના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. બેંક શેર અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ભારે નબળાઈને કારણે સેન્સેક્સ ૬૮૦ પોઈન્ટ્સ તૂટ્યો હતો. બીએસઈસેન્સેક્સે દિવસના કારોબારને નીચા સ્તરે સમાપ્ત કર્યો. એ જ રીતે, સવારે ખુલ્યા પછી, નિફ્ટીએ ફરી એકવાર મોમેન્ટમ બતાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ આખરે નિફ્ટી દિવસના નીચલા સ્તરે બંધ રહ્યો હતો. શેરબજારમાં નબળાઈ દર્શાવતા શેરો વિશે વાત કરીએ તો, દેવયાની ઈન્ટરનેશનલ, ટાટા મોટર્સ, પટેલ એન્જિનિયરિંગ, એચડીએફસીલાઈફ, જિયો ફાઈનાન્શિયલ, આઈસીઆઈસીઆઈ બેન્ક, ગ્લોબલ સ્પિરિટ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, નેસ્લે ઈન્ડિયા, સ્ટોવ ક્રાફ્ટ, હોમ ફર્સ્ટ ફાઈનાન્સ, બ્રાન્ડ કોન્સેપ્ટ અને શેર્સ. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો સમાવેશ થતો હતો. યુનિ પાર્ટ્સ ઈન્ડિયા લિમિટેડ અને કામધેનુના શેરમાં નજીવો વધારો નોંધાયો હતો. ગૌતમ અદાણીની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી ૮ના શેર લાલ નિશાનમાં બંધ થયા હતા જ્યારે અદાણી ગ્રીન એનર્જી અને અદાણી પોર્ટ્સના શેર નજીવા વધીને બંધ થયા હતા. બજાજ ફાઈનાન્સ, પતંજલિ ફૂડ્સ,આઈઆરસીટીસી, ગાર્ડન રીચ શિપ બિલ્ડર અને ગરવેર ટેક્નિકલ ફાઈબરના શેર, જે શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર વળતર આપી રહ્યા છે, તેમાં વધારો નોંધાયો છે.



# ઝાલોદ તાલુકા પંચાયતમાં સામાજિક કાર્યકર્તા નીલમ વસૈયાની આગેવાની હેઠળ આંગણવાડી અને તેડાંગર બહેનોને થતાં અન્યાયને લઈ આવેદનપત્ર આપવામાં આવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

તારીખ ૦૮-૦૧-૨૦૨૪ સોમવારના રોજ આંગણવાડી વર્કર અને તેડાંગરમાં થતા અન્યાય ની સામે ન્યાય મેળવવા સામાજિક કાર્યકર નિલમબેન વસૈયાની આગેવાની હેઠળ મોટા પ્રમાણમાં વર્કર બહેનો હાજર રહી હતી. ઉપસ્થિત સહુ બહેનો ન્યાય મેળવવા માટે એક અરજી આપવા આવેલ હતા.

અરજીમાં દર્શાવેલ મુજબ આંગણવાડી વર્કર તેમજ તેડાંગર બહેનો દ્વારા તેમને થતાં અન્યાય સામે ન્યાય મેળવવા માટે ઓનલાઈન અરજી કરવામાં આવેલ હતી. તે અન્વયે ૦૪-૦૧-૨૦૨૪ ના રોજ દાહોદ જિલ્લા પંચાયતમાં અપીલ અંગે સુનાવણી રાખવામાં આવેલ હતી. તેમાં લાગતા વળગતા દરેક અધિકારીઓને અસલી પ્રમાણપત્ર સાથે રૂબરૂ બોલાવેલ હતા તેમાં કમિટિ દ્વારા કોઈપણ અરજદારોને સાંભળવામાં આવેલ નથી તેમજ તેમને મૌખિક જવાબ આપેલ છે. જાહેરાત પ્રસિદ્ધિ મુજબ મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી વિસ્તારની સ્થાનિક હોવી જોઈએ. આ જાહેરાત મુજબ સ્થાનિક



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

અરજદારોને અન્યાય થયેલ છે. તેમજ સંકલિત બાલવિકાસ અધિકારી ઝાલોદ દ્વારા અરજીની પૂરતી ચકાસણી કર્યા વગર નિર્ણય લેવામાં આવેલ છે અને અપીલ અધિકારી દ્વારા પૂરતા આધાર સાથે અરજદારોને સાંભળવામાં આવેલ નથી તેથી અરજદારોને ફરીથી રૂબરૂ સાંભળવા અથવા ભરતી રદ કરવી અન્યથા અરજદારો ઉગ્ર આંદોલન કરશે તેની સમગ્ર જવાબદારી વહીવટી તંત્રની રહેશે તેમ અરજીમાં જણાવેલ છે.



### યુવાનોના હૃદય સતત નબળા પડી રહ્યા છે

# બનાસકાંઠામાં ધોરણ-૧૨ માં અભ્યાસ કરતાં યુવકનું હાર્ટ એટેકથી મોત

## રાત્રે સૂતો હતો ત્યારે હાર્ટ એટેક આવતા મોત થયું છે, આશાસ્પદ યુવકનું મોત થતા પરિવારમાં માતમ છવાયો છે

। (એજન્સી) બનાસકાંઠા, તા.૮ ।

રાજ્યમાં નાની નયે હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત છે. બનાસકાંઠામાં એક યુવકનું હાર્ટ એટેકને કારણે મોત થયું છે. આ ઘટના પાલનપુરનાં બદરપુરા ગામની છે. જ્યાં કાણોદરની એસ કે એમ હાઈસ્કુલમાં ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી રોહિત ડાભીનું હાર્ટ એટેકને કારણે મોત થયું છે. રાત્રે સૂતો હતો ત્યારે હાર્ટ એટેક આવતા મોત થયું છે. આશાસ્પદ યુવકનું મોત થતા પરિવારમાં માતમ છવાયો છે. યુવાનોના હૃદય સતત નબળા પડી રહ્યા છે. એક ચોંકાવનારો અહેવાલ જણાવે છે કે આજે લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે તેની અસર હૃદય પર પડી રહી છે અને હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીઓ ઝડપ થી વધી રહી છે. અમેરિકન જર્નલ ઑફ ક્લિનિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક રિસર્ચમાં પ્રકાશિત અહેવાલ દર્શાવે છે કે ૨૦૧૫ સુધીમાં ભારતમાં લગભગ ૬.૫ કરોડ લોકો હૃદયની બીમારીઓથી પીડિત હતા. આશ્ચર્યની વાત એ છે કે આમાંથી લગભગ ૨.૫ કરોડ લોકો ૪૦ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના છે. WHOનો તાજેતરનો રિપોર્ટ પણ ભારતીયોને ડરાવશે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં હૃદય રોગના કારણે મૃત્યુની સંખ્યામાં ૭૫%નો વધારો થયો છે. રિપોર્ટ અનુસાર, માત્ર વર્ષ ૨૦૧૯માં જ સમગ્ર વિશ્વમાં લગભગ ૧.૮૦ કરોડ લોકો હૃદયની બીમારીઓને કારણે મૃત્યુ પામ્યા છે. આમાંથી ૮૫ ટકા મૃત્યુનું કારણ માત્ર હાર્ટ એટેક છે. હાર્ટ સ્પેશિયાલિસ્ટના મતે હાર્ટ એટેકની સ્થિતિને 'મ્યોકાર્ડિયલ ઈન્ફાર્ક્શન' કહેવામાં આવે છે. આ એવી સ્થિતિ છે જ્યારે હૃદયના કોઈ ભાગમાં લોહીનો પુરવઠો બંધ થઈ જાય છે અને તેના કારણે ત્યાં લાંબા સમય સુધી લોહી અને ઓક્સિજન પહોંચી શકતું નથી. જેના કારણે તે કામ કરવાનું બંધ કરી દે છે અને વ્યક્તિનું મૃત્યુ થાય છે. હાર્ટ એટેકનું મુખ્ય કારણ સામાન્ય રીતે લોહીના ગંઠાવાનું સંચય છે. જેને બ્લડ ક્લોટિંગ પણ કહેવાય છે, જે ધમનીઓમાં ચરબી જમા થવાને કારણે થાય છે. આજકાલ, એવા ઘણા કિસ્સાઓ છે જ્યારે જીમમાં વર્કઆઉટ અથવા ડાન્સ કરતી વખતે યુવાનોને હાર્ટ એટેક આવે છે.

### વાયબ્રન્ટ ગુજરાતને લીધે પરીક્ષાની તારીખમાં ફેરફાર

# ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો

## ૯ અને ૧૦મીએ યોજાનારી પરીક્ષા ૧૭ અને ૧૮મીએ યોજાશે : GTUએ પણ પરીક્ષાની તારીખમાં કર્યો ફેરફાર

। અમદાવાદ, તા.૮ ।

વાયબ્રન્ટ ગુજરાતના આયોજનને કારણે ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતી પરીક્ષાઓની તારીખમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. અત્રે જણાવીએ કે, B.A,B.Com, BBA, M.A, M.Comની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો છે. ૯ અને ૧૦ તારીખે યોજાનારી પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જે પરીક્ષા હવે ૧૭ અને ૧૮મીએ યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વાયબ્રન્ટ ગુજરાત સમિટને કારણે ટ્રાફિક વ્યવસ્થાને ધ્યાને રાખી આ નિર્ણય કરાયો છે આપને જણાવી દઈએ કે, GTUએ પણ પ્રથમ સેમિસ્ટરની પરીક્ષાઓની તારીખમાં પણ ફેરફાર કર્યો છે. તારીખ ૯ અને ૧૦ના રોજ આ પરીક્ષાનું આયોજન કરાયું હતું. પરંતુ ટ્રાફિકને લઈ વિક્ષેપ ન આવે જેના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને આ બંન્ને દિવસે મુશ્કેલી ન સર્જાય તેને લઈ વિદ્યાર્થીહિત કારી નિર્ણય લેવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને તેમજ દેશ-વિદેશના મહાનુભાવોની ઉપસ્થિતિમાં તા.૧૦ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ



૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો ભવ્ય શુભારંભ થવા જઈ રહ્યો છે, ત્યારે સૌને આકર્ષવા અને આવકારવા ગાંધીનગર સંપૂર્ણ સજ્જ બન્યું છે. વડાપ્રધાન સહિતના મહેમાનોના સ્વાગત માટે ગુજરાતની પાટનગર ગાંધીનગરને દુલ્હનની જેમ સોળ શણગારથી સજાવવામાં આવ્યું છે. જેમાં કાર્યક્રમના મુખ્ય સ્થળ મહાત્મા મંદિર, દાંડી કુટીર, હોટલ લીલા, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગિફ્ટ સીટી, ગિફ્ટ સીટી સર્કલ, ચ-રોડ, ઘ-૨ સર્કલ, રક્ષાશક્તિ ફ્લાયઓવર અને ઉદ્યોગ ભવન સહિત વિવિધ સરકારી કચેરીઓને રંગ-બેરંગી 'મૂન લાઈટ' અને વિવિધ થીમ આધારિત રોશની-લેઝર લાઈટથી શણગારવામાં આવી છે. ગાંધીનગરની રાત્રિના આ નયનરમ્ય નજારો નગરજનો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

# માનનીય સાંસદ ડો. કિરીટ સોલંકીએ નિર્માણાધીન ચાણસ્મા રેલ્વે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું





। અમદાવાદ, તા.૮ ।

માનનીય સાંસદ ડૉ. કિરીટ પી. સોલંકીએ ૭ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ નિર્માણાધીન ચાણસ્મા રેલ્વે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું અને રેલ્વે અને ઝી રાઈડના અધિકારીઓ સાથે મુલાકાત કરી. માનનીય સાંસદ ડૉ.કિરીટ સોલંકીએ ચાણસ્મા રેલ્વે સ્ટેશન ખાતે ચાલી રહેલા બાંધકામનું નિરીક્ષણ કરતા બાંધકામની પ્રગતિને સંતોષકારક ગણાવી હતી. તેમણે મુસાફરોની સુવિધા અંગે ચર્ચા કરી વહેલી તકે કામગીરી પૂર્ણ કરવા અને પેસેન્જર સેવાઓ શરૂ કરવા સૂચના આપી હતી. તેમણે ચાણસ્માથી રાધનપુર સુધીની સૂચિત નવી રેલ્વે લાઇનનું કામ ઝડપી બનાવવા પર પણ ભાર મૂક્યો હતો. આ પ્રસંગે રેલવેના નિર્માણ વિભાગના શ્રી તુષાર શુક્લા અને ધીરેન્દ્ર કુમાર, જી રાઈડના શિવેન્દ્ર સિંહ અને અમદાવાદ ડિવિઝનના આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર શ્રી સંજય કુમાર યાદવ ઉપસ્થિત રહ્યા હતા.

### GIDC ની વણવપરાયેલી જમીનને લઈને જાહેરાત

# ગુજરાતમાં ૧૮૦૦ હેક્ટર જમીન વણ વપરાયેલી પડી છે

## સ્વૈચ્છિક રીતે જીઆઇડીસીનો પ્લોટ પરત કરનારને લીધેલ કિંમત કે પછી વર્તમાન કિંમતના ૭૫% મહત્તમ રકમ પરત અપાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાત સરકારનો સૌથી મોટો મહોત્સવ વાઈબ્રન્ટ ગુજરાત માટે હવે ગણતરીના કલાકો બાકી છે, ત્યાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રાજ્યના ઉદ્યોગકારોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. રાજ્યની જીઆઈડીસીમાં વણવપરાશી ખુલ્લા પ્લોટ સ્વૈચ્છિક પરત આપવાના કિસ્સામાં પ્લોટધારકોને ફાળવણી સમયે ભરપાઈ કરેલી કિંમત અને હાલની ફાળવણી કિંમતના ૭૫ ટકા સુધીની મહત્તમ મર્યાદામાં રકમ પરત અપાશે. રાજ્યની વિવિધ જીઆઈડીસીમાં અંદાજે ૧૮૦૦ હેક્ટર વણવપરાશી જમીનમાં નવા ઉદ્યોગો સ્થાપી શકાશે. સરકારના આ નિર્ણયથી રોજગાર સર્જન અને આર્થિક વિકાસને વેગ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની જુદી જુદી જીઆઈડીસીમાં વણવપરાશી ખુલ્લા પ્લોટ પરત લઈને ઉદ્યોગોની સ્થાપના દ્વારા તેનો પુનઃ વપરાશ થઈ શકે તે માટે ઉદારતમ નીતિ અપનાવવાનો નિર્ણય કર્યો છે.

ઉદ્યોગકારોને ઉદ્યોગોની સ્થાપના માટે રાજ્યની જીઆઈડીસીમાં જમીન સંપાદન કરીને લીઝ પર ફાળવવામાં આવે છે. આવા ફાળવાયેલા પ્લોટધારક જો પ્લોટનો વપરાશ કરવા સક્ષમ ન હોય તો જીઆઈડીસીને પ્લોટ સ્વૈચ્છિક રીતે પરત સોંપી શકે તેવી પદ્ધતિ હાલ અમલમાં છે. આવા પ્લોટની સ્વૈચ્છિક પરત સોંપણીના કિસ્સાઓમાં પ્લોટધારકને પ્લોટની હાલની ફાળવણી કિંમતની સાપેક્ષમાં ખૂબ જ ઓછી રકમ પરત મળતી હોય છે. આ સંજોગોમાં પ્લોટધારકો સ્વૈચ્છિક પરત સોંપણી માટે પ્રોત્સાહિત થતાં નથી અને પ્લોટની જમીન વણવપરાયેલી પડી રહે છે. મુખ્યમંત્રીએ હવે આ સ્થિતિનું સકારાત્મક નિવારણ લાવવા ઉદાર પોલીસી અપનાવવાનો નિર્ણય કર્યો છે. તદઅનુસાર, આવા પ્લોટ સ્વૈચ્છિક પરત સોંપવાના કિસ્સામાં પ્લોટધારકે ફાળવણી સમયે ભરપાઈ કરેલી ફાળવણી કિંમત અને જીઆઈડીસીની હાલની ફાળવણી કિંમતના ૭૫ ટકા સુધીની મહત્તમ મર્યાદામાં પ્લોટધારકને રકમ પરત કરવામાં આવશે.

**વિશેષ** — કપડવંજ તાલુકાના વડોલ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત

# પંચમહાલ ધારાસભ્ય શ્રી રતનસિંહ રાઠોડની અધ્યક્ષતામાં કપડવંજના વડોલ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કાર્યક્રમ યોજાયો





। (માહિતી) નડિયાદ ।

સરકારની લોક કલ્યાણકારી યોજનાઓનો લાભ દેશના પ્રત્યેક ગામના નાગરિકો સુધી પહોંચે તે હેતુથી શરૂ થયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આજે કપડવંજ તાલુકાના વડોલ ગામે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પંચમહાલ સાંસદ શ્રી રતનસિંહ રાઠોડ, કપડવંજ ધારાસભ્ય શ્રી રાજેશ ઝાલા અને બાલાસિનોર ધારાસભ્ય શ્રી માનસિંહ ચૌહાણની મુખ્ય ઉપસ્થિતિમાં વડોલ પ્રાથમિક શાળા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અતંર્ગત કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જેમા ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ વિકાસની પક્રિયામાં સહભાગીદાર બનવા એકસૂરમાં અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે પંચમહાલ ધારાસભ્ય શ્રી રતનસિંહ રાઠોડે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજના વિશે વાત કરી ઉપસ્થિત તમામ અધિકારીઓ અને પદાધિકારીઓને સરકારની યોજનાઓનો લાભ છેવાડાના માણસને મળે તે માટે જરૂરી કામગીરી કરવા અપીલ કરી હતી. તેમણે સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણ, સ્વાસ્થય અને મહિલા સશક્તિકરણની કામગીરીને બિરદાવી હતી અને લોકોના જીવનધોરણ સુદઢ બનાવવા માટે બાકી રહેલ કાર્યોને ટુંક સમયમાં પૂર્ણ કરવા ખાતરી આપી હતી. કપડવંજ ધારાસભ્ય શ્રી રાજેશ ઝાલા અને બાલાસિનોર ધારાસભ્ય શ્રી માનસિંહ ચૌહાણ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સહિયારો પ્રયાસ કરવા અપીલ કરવામાં આવી હતી.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલ્લા યોજના, આયુષ્યમાન કાર્ડ અને પોષણ યોજના અંતર્ગત સહાય રકમના ચેક, ગેસ કીટ, પોષણ કીટ વગેરે લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મેરી કહાની મેરી જુબાની થકી આયુષ્માન કાર્ડ, સખીમંડળ અને પ્રાકૃતિક કૃષિ યોજનાના લાભાર્થીઓએ પોતાને મળેલ યોજનાકીય લાભની વાત કરી અન્ય લોકોને સરકારની યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી. વધુમાં, દૂધ મંડળીમાં ઉત્કૃષ્ઠ કામગીરી બદલ ગામના સફળ મહિલા તરીકે શ્રી કેલાશબેન વાઘેલાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સંકલિત બાળ વિકાસ યોજના, આરોગ્ય વિભાગ, મહિલા અને બાળ વિકાસ યોજના, જલ જીવન મિશન, મનરેગા, પીએમ આવાસ, આયુષ્યમાન ભારત, પીએમજેવાય-મા યોજના અને ખેતીવાડી વિભાગ દ્વારા યોજનાકીય માહિતિ આપતા સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. જેનો લોકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. મહાનુભાવો દ્વારા આ સ્ટોલની મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. વડોલ પ્રા.શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કરીને લોકોને પ્રાકૃતિક ખેતી માટેનો સંદેશો આપવામાં આવ્યો હતો. તથા વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિકાસ માટેનો સંદેશ સાંભળવામાં આવ્યો હતો. સાથે સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકો દ્વારા ભારતને ૨૦૪૭ સુધી આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ માટે શપથ લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કપડવંજ ધારાસભ્ય શ્રી રાજેશ ઝાલા, બાલાસિનોર ધારાસભ્ય શ્રી માનસિંહ ચૌહાણ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મકવાણા, કપડવંજ તાલુકા વિકાસ અધિકારીશ્રી, કપડવંજ મામલતદારશ્રી, કપડવંજ પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી સહિત અન્ય આગેવાનો, મહાનુભાવો, વડોલ સરપંચ શ્રી, તલાટી મંત્રી શ્રી, પ્રાથમિક શાળાના શિક્ષકો, બાળકો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે જમ્મૂ કાશ્મીરની મુલાકાતે



। નવી દિલ્હી, તા.૮ ।

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ આજે એટલે કે ૯ જાન્યુઆરી મંગળવારે જમ્મૂ કાશ્મીરનો પ્રવાસ કરશે. ગૃહપ્રધાન અમિત શાહ જમ્મૂ કાશ્મીરના વિકાસ માટે સમીક્ષા બેઠક કરશે. ગૃહપ્રધાન ત્યાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાની શરૂઆત કરશે. સાથે જ ગૃહપ્રધાન જમ્મૂ કાશ્મીરમાં ઈ-બસ સેવાને ફ્લેગ ઓફ કરશે. અલગ અલગ વિકાસ કાર્યોનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ પણ કરશે. ગૃહપ્રધાન અમિત શાહ જમ્મૂ કાશ્મીરના યુવાઓને નિમણુક પત્રો પણ આપશે. અધિકારીઓએ કહ્યું કે કેન્દ્રીય ગૃહપ્રધાન મંગળવારે જમ્મૂનો પ્રવાસ કરશે. આ દરમિયાન તે ઘણા વિકાસ સંબંધિત કાર્યક્રમોમાં ભાગ લેશે અને શહેરમાં એક ઈ-બસ સેવાને લીલીઝંડી બતાવશે. જણાવી દઈએ કે ૨૧ ડિસેમ્બરે પુંછમાં આતંકીવાદીઓ દ્વારા સેનાના બે વાહનો પર અચાનક હુમલામાં પાંચ સૈનિકો શહીદ થયા અને અન્ય બે ઘાયલ થયા પછી અમિત શાહની જમ્મુ અને કાશ્મીરની આ પ્રથમ મુલાકાત હશે.. ગૃહપ્રધાનના એક ટોચના અધિકારીનું કહેવુ છે કે ગૃહ મંત્રી ૯ જાન્યુઆરીએ જમ્મૂ કાશ્મીરના પ્રવાસ દરમિયાન ઘણા કાર્યક્રમોમાં ભાગ લેશે. જમ્મૂ કાશ્મીરમાં વિકાસ પર એક સમીક્ષા બેઠક થશે. તેની અધ્યક્ષતા પણ કરશે.

### ઓએનજીસીએ ગોદાવરી બેસિનમાં ડીપ વોટર બ્લોકથી ઓઈલનું ઉત્પાદન શરૂ કર્યું

। નવી દિલ્હી, તા.૮ ।

સરકારી ઓઈલ માર્કેટિંગ કંપની ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી) એ બંગાળની ખાડીમાં કૃષ્ણા ગોદાવરી બેસિનમાં ડીપ વોટર બ્લોકથી તેલનું ઉત્પાદન શરૂ કરી દીધું છે. કંપની તરફથી માહિતી મળી છે કે ઓએનજીસીએ કેજી-ડીડબલ્યુએન-૯૮/૨ બ્લોકમાં ક્લસ્ટર-૨ પ્રોજેક્ટથી ઉત્પાદન શરૂ કર્યું છે. પહેલા પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી અને ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પર પોસ્ટ કરીને ઓએનજીસીની આ મોટી ઉપલબ્ધિ પર ખુશી વ્યક્ત કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીના ટ્વીટને રીટ્વીટ કરતા લખ્યું કે, આ ભારતની ઉર્જા યાત્રામાં એક ઉલ્લેખનીય પગલું છે અને આત્મનિર્ભર ભારતના આપણા મિશનને પ્રોત્સાહન આપશે. તેનાથી અમારી અર્થવ્યવસ્થાને પણ અનેક ફાયદા થશે. ગઈકાલે સવારે પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ ઓએનજીસીની આ મોટી ઉપલબ્ધિ પર ખુશી વ્યક્ત કરી હતી.

કેરળની મહિલાનો વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ

# ૧૦૦થી વધુ ભાષામાં ગીત ગાનારી મહિલાને ગિનિસ બુકમાં સ્થાન

## ૨૪ નવેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાયેલા એક શોમાં સુચેતાએ કુલ ૧૪૦ ભાષાઓમાં પરફોર્મ કર્યું

। (એજન્સી) થિરૂવનંતપુરમ, તા.૮ ।

કેરળની એક મહિલાનો એક વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે ૧૦૦થી વધુ ભાષાઓમાં ગીતો ગાઈ રહી છે. આ શો દુબઈમાં યોજાયો હતો, જે જીતીને મહિલાએ અનોખો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે મહિલા ખૂબ જ સરસ રીતે વિવિધ ભાષાઓમાં ગીતો ગાઈ રહી છે. લોકો મહિલાની આ કળાના ખૂબ વખાણ કરી રહ્યા છે.

સોશિયલ મીડિયા પર વાયરલ આ મહિલાનું નામ સુચેતા સતીશ છે, કેરલામાં રહેતી આ મહિલા અલગ-અલગ ભાષાઓમાં ગીતો ગાવાને કારણે ચર્ચામાં છે. તેનું આ અનોખુ કામ હવે વર્લ્ડ રેકોર્ડ બની ગયું છે. ૨૪ નવેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાયેલા એક શોમાં સુચેતાએ કુલ ૧૪૦ ભાષાઓમાં પરફોર્મ કર્યું હતું. ઈવેન્ટ વિશે વાત કરીએ તો, આ શો યુએઈમાં ભારતીય કોન્સ્યુલેટ ઓડિટોરિયમમાં યોજાયો હતો, જેને ઓલ ઈન્ડિયા રેડિયો ન્યૂઝ દ્વારા શેર કરવામાં આવ્યો હતો.

#Guinness Book of World Recordsએ આ સપ્તાહની શરૂઆતમાં સત્તાવાર રીતે તેની સિદ્ધિની પુષ્ટિ કરી છે. યુએઈના દુબઈમાં ભારતીય કોન્સ્યુલેટ ઓડિટોરિયમમાં તેણે આ સિદ્ધિ હાંસલ કરી છે. સુચેતાનો ગીત ગાતો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ અનુસાર, સુચેતાએ દુબઈમાં ભારતીય કોન્સ્યુલેટ ઓડિટોરિયમમાં ક્લાઈમેટ ચેન્જ અંગે જાગૃતિ લાવવા માટે ૧૪૦ ભાષાઓમાં પરફોર્મ કર્યું હતું. ૧૪૦ નંબર પસંદ કરવા પાછળનું કારણ એ છે કે તે દુબઈમાં સીઓપી ૨૮ સમિટમાં ભાગ લેનારા ૧૪૦ દેશોનું પ્રતિનિધિત્વ કરતો આંકડો છે. આ વીડિયોને મોટી સંખ્યામાં લોકોએ જોયો છે. લોકો તેને પસંદ કરી રહ્યા છે.

આતંકી શાહનવાઝ આલમનો પૂછપરછમાં ખુલાસો

# ગુજરાતના મુખ્ય શહેરોમાં વિસ્ફોટ કરવાનું કાવતરું હતું

## આઈએસઆઈએસતેના આતંકીઓની મદદથી ગોધરા કાંડનો બદલો લેવા ગુજરાતમાં બ્લાસ્ટ કરવાના હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ઈસ્લામિક સ્ટેટ આઈએસઆઈએસના મોડ્યુલ સાથે સંકળાયેલા આતંકી શાહનવાઝ આલમે એનઆઈએની પૂછપરછમાં મોટા ખુલાસા કર્યા છે. માહિતી અનુસાર શાહનવાઝ મહારાષ્ટ્રના નાગપુરમાં માઈનિંગ એન્જિનિયરિંગનો અભ્યાસ કરી ચૂક્યો હતો. તેના મોબાઈલમાંથી એવી ઘણી તસવીરો મળી હતી જેનાથી એવો ખુલાસો થયો છે કે તે ઘરમાં જ આઈઈડીબોમ્બ તૈયાર કરી રહ્યો હતો. તેના નિશાને ગુજરાતના મહત્ત્વના શહેરો હતા. શાહનવાઝે કહ્યું કે ગુજરાતના ગાંધીનગર, અમદાવાદ, વડોદરા અને સુરત શહેર આતંકીઓના નિશાને હતા. આતંકી શાહનવાઝની દિલ્હી પોલીસ અને કેન્દ્રીય તપાસ એજન્સીઓ પૂછપરછ કરી રહી છે. તેને એનઆઈએદ્વારા મોસ્ટ વૉન્ટેડ જાહેર કરાયો હતો અને તેના પર ૫ લાખનું ઈનામ જાહેર કરાયું હતું. શાહનવાઝની દિલ્હીથી એનઆઈએએ ધરપકડ કરી હતી. પૂણે આઈએસઆઈએસમોડ્યુલના અનેક આતંકીઓ હજુ ફરાર છે. તાજેતરમાં પકડાયેલા આઈએસઆઈએસના આતંકી શાહનવાઝ આલમે ખુલાસો કર્યો હતો કે પૂણે મહારાષ્ટ્ર મોડ્યુલના નિશાને મુંબઈ અને ગુજરાતના શહેરો હતા. આઈએસઆઈએસતેના આતંકીઓની મદદથી ગોધરા કાંડનો બદલો લેવા માટે સમગ્ર ગુજરાતમાં તબક્કાવાર રીતે બોમ્બ બ્લાસ્ટ કરવા માગતો હતો. પૂછપરછમાં તેણે કહ્યું કે આતંકીઓના નિશાને ગુજરાતમાં ભાજપનો હેડક્વાર્ટર, આરએસએસનો હેડક્વાર્ટર, હાઈકોર્ટ, જિલ્લા કોર્ટ, યુનિવર્સિટી, મંદિર, મસ્જિદ, યહૂદી પ્રાર્થના સ્થળ, રેલવે સ્ટેશન, ભીડવાળા બજાર અને વીઆઈપીના ઘર અને તેના રુટ્સ હતા.




દક્ષિણ પૂર્વ દિલ્હીના નેહરુ નગર ખાતે વિક્ષિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન લાભાર્થીઓ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરી હતી.

### બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર ૫મી વખત સત્તામાં આવી



। નવી દિલ્હી, તા.૮ ।

બાંગ્લાદેશમાં જે નક્કી થયું તે થયું. સંસદીય ચૂંટણીમાં શેખ હસીનાની પાર્ટી અવામી લીગે જીત મેળવી છે. માત્ર જીતની સત્તાવાર જાહેરાત થવાની બાકી છે. શેખ હસીના પાંચમી વખત બાંગ્લાદેશના વડાપ્રધાન બનવા જઈ રહી છે. આજની જીત બાદ ૨૦૨૮ સુધી બાંગ્લાદેશની કમાન શેખ હસીનાના હાથમાં રહેશે. આ જીત બાદ હસીનાના નામે આ રેકોર્ડ પણ નોંધાઈ ગયો છે જ્યાં તે વિશ્વની સૌથી લાંબી સેવા આપનાર મહિલા વડાપ્રધાન બની ગઈ છે. જો આપણે કેટલીક પ્રખ્યાત મહિલા નેતાઓ સાથે સરખામણી કરીએ તો, ઈન્દિરા ગાંધીએ લગભગ ૧૬ વર્ષ દેશ પર શાસન કર્યુ હતું, જર્મનીના ચાન્સેલર રહેલા એન્જેલા મર્કેલ પણ ૧૬ વર્ષ સુધી દેશ પર શાસન કર્યું હતું. જો આપણે શેખ હસીનાના પ્રથમ કાર્યકાળને ઉમેરીએ તો તે સતત ૨૦ વર્ષ સુધી વડાપ્રધાન રહી ચુક્યા છે અને આગામી પાંચ વર્ષ સુધી પણ તે જ પદ પર રહેશે. જો હાલના સમય પર નજર કરીએ તો, શેખ હસીના ૨૦૦૯ થી સતત આ પદ પર છે. છેલ્લી વખત ૨૦૧૮માં ચૂંટણી જીતીને તેઓ વડાપ્રધાન તરીકે ચૂંટાયા હતા. શેખ હસીના બંગબંધુ શેખ મુજીબુર રહેમાનની પુત્રી છે, જેઓ બાંગ્લાદેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અગ્રણી હતા અને મુક્તિ યુદ્ધમાં અગ્રણી ભૂમિકા ભજવી હતી. તેઓ સતત ચોથી વખત અને એકંદરે પાંચમી વખત દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. શેખ હસીનાનો જન્મ સપ્ટેમ્બર ૧૯૪૭માં પૂર્વ બંગાળના તુંગીપારામાં થયો હતો. હસીનાનો જન્મ બંગાળી મુસ્લિમ શેખ પરિવારમાં થયો હતો. હસીનાનું બાળપણ તુંગીપારામાં તેની માતા અને દાદીની સંભાળમાં વીત્યું હતું. બાદમાં હસીનાનો પરિવાર ઢાકા રહેવા ગયો. ઢાકામાં જ સેગુન બગીચા એક જગ્યા છે, ઢાકા આવ્યા બાદ હસીનાનો પરિવાર અહીં રહેવા લાગ્યો હતો. હસીનાના પિતા શેખ મુજીબુર રહેમાન બંગાળી રાષ્ટ્રવાદી નેતા હતા. તેમની માતાનું નામ બેગમ ફઝીલાતુનેસા મુજીબ હતું. પાકિસ્તાનની રચના બાદ જ્યારે શેખ મુજીબુર સરકારમાં મંત્રી બન્યા ત્યારે હસીનાનો પરિવાર ૩ મિન્ટો રોડ પર રહેવા લાગ્યો.

બેંક એકાઉન્ટમાંથી પૈસા સેરવવાના બનાવમાં વધારો

# સિમ કાર્ડ સ્વેપ કરીને વેપારીના ખાતામાંથી ૯૦ લાખ સેરવી લીધા

## ૨૦ વર્ષના એક ભેજાબાજની મુંબઈ પોલીસે ધરપકડ કરી

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

લોકો પોતાના રૂપિયા સલામત રહે તે માટે તેને બેંકમાં રાખતા હોય છે, પરંતુ બેંકના અકાઉન્ટમાં પડેલા રૂપિયા પણ હવે ભેજાબાજ ઠગો જાતભાતની તરકીબો અજમાવીને ખાતેદારને ગંધ સુદ્ધા ના આવે તે રીતે ઉડાવી લેતા હોય છે. આવી જ એક ઘટનામાં સિમ કાર્ડ સ્વેપ કરીને બેંકના ખાતામાંથી ૯૦ લાખ રૂપિયા સેરવી લેનારા ૨૦ વર્ષના એક ભેજાબાજની મુંબઈ પોલીસે ધરપકડ કરી છે. ચોંકાવનારી વાત એ છે કે, મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં બેઠા-બેઠા આ લબરમુછિયાએ મુંબઈમાં કાંડ કરીને ૯૦ લાખ રૂપિયા ઉડાવી લીધા હતા. જોકે, આ રૂપિયા જે બેંક અકાઉન્ટ્સમાં જમા થયા હતા તેને ટ્રેસ કરીને પોલીસ આરોપી સુધી પહોંચવામાં સફળ રહી હતી. મુંબઈ પોલીસના સાયબર ક્રાઈમ યુનિટે મધ્યપ્રદેશના ગ્વાલિયરમાંથી મુકુલ સિંહ નામના ૨૦ વર્ષના એક છોકરાની ધરપકડ કરી છે, જેના પર સિમ કાર્ડ સ્વેપિંગથી ૯૦ લાખ રૂપિયાની ઉચાપત કરવાનો આરોપ છે. મુંબઈના પેડર રોડ પર રહેતા એક સિનિયર સિટીઝને પોતાના અકાઉન્ટમાંથી પૈસા ગાયબ થઈ જતાં આ મામલે ફરિયાદ નોંધાવી હતી.



ફરિયાદીનો જે મોબાઈલ નંબર તેમના બેંક અકાઉન્ટ સાથે લિંક હતો તે જ નંબરનું સિમ કાર્ડ સ્વાઈપ કરીને આ કૌભાંડ આચરવામાં આવ્યું હતું. ફરિયાદમાં કરાયેલા ઉલ્લેખ અનુસાર, વિક્ટિમની ઓફિસમાં આઠ લોકો કામ કરતા હતા અને તેમના અકાઉન્ટ્સના તમામ રેકોર્ડ્સ સિનિયર અકાઉન્ટન્ટ દ્વારા રાખવામાં આવતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ઓક્ટોબર ૨૦૨૩માં ફરિયાદીના ખાતામાંથી એક રૂપિયો ડેબિટ થતાં તેમણે આ અંગે પોતાના સ્ટાફને તપાસ કરવા માટે કહ્યું હતું. ત્યારબાદ તેમને જાણ થઈ હતી કે તેમના અકાઉન્ટમાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન્સ દ્વારા ૯૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, અને આ ટ્રાન્ઝેક્શન્સ તેમણે કર્યા જ નહોતા. ફરિયાદીના અકાઉન્ટમાંથી પૈસા ગાયબ થઈ જતાં તેમણે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

મોદી પર અપમાનજનક ટીપ્પણી બદલ માલદીવ સામે વિરોધ

# પૂનમ પાંડેએ માલદીવમાં શૂટિંગ રદ કર્યું, બચ્ચને પણ વિરોધ કર્યો

## અમે ભારતીય છીએ, અમે આત્મનિભર છીએ, અમારી આત્મનિર્ભરતાને નુકસાન ન પહોંચાડો : અમિતાભ બચ્ચન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં લક્ષદ્વીપની મુલાકાત લીધી હતી, જ્યાંથી તેમણે સોશિયલ મીડિયા પર ઘણી તસવીરો અને વીડિયો પોસ્ટ કર્યા હતા. જો કે, આનાથી માલદીવના કટ્ટરપંથીઓ ગુસ્સે થયા અને તેઓએ ભારત અને પીએમ મોદીને ગાળો આપવાનું શરૂ કર્યું. વાસ્તવમાં, પીએમ મોદીએ લક્ષદ્વીપમાં પર્યટનને પ્રોત્સાહન આપ્યું, જ્યાં ભૌગોલિક સ્થિતિ માલદીવ જેવી છે. આ પછી ઘણા બોલિવૂડ સેલેબ્સ અને ક્રિકેટરોએ લક્ષદ્વીપની સુંદર તસવીરો શેર કરીને પીએમ મોદીનું સમર્થન કર્યું હતું અને માલદીવની નિંદા કરી હતી. હવે આ યાદીમાં પૂનમ પાંડેનું નામ પણ જોડાઈ ગયું છે. ઉત્તર પ્રદેશના કાનપુરમાં જન્મેલી પૂનમ પાંડે એક મોડલ છે અને શૃંગારિક ફિલ્મોમાં પણ અભિનય કરતી રહી છે. પોતાની અર્ધ-નગ્ન તસવીરોથી સોશિયલ મીડિયા પર સનસનાટી મચાવનાર પૂનમ પાંડેએ હવે માલદીવમાં તેનું શૂટિંગ કેન્સલ કરી દીધું છે. તેણે પોતે ૨ તસવીરો પોસ્ટ કરીને આ વાત કહી. તેણે 'આરઆઈએમપ્રોડક્શન'ના અબ્દુલ ખાન સાથેની વાતચીતનો સ્ક્રીનશોટ શેર કર્યો છે. આમાં અબ્દુલ ખાન લખે છે, "હાય પૂનમ જી, મને નીલ સર પાસેથી ખબર પડી કે તમે શૂટિંગનું શેડ્યૂલ કેન્સલ કરવા માંગો છો." આ પછી પૂનમ પાંડેએ તેને ઓડિયો દ્વારા પોતાનો જવાબ મોકલ્યો. પછી અબ્દુલ ખાને લખ્યું, "મેમ, મેં આખા ક્રૂ માટે ટિકિટ બુક કરાવી છે. હોટલો પણ બુક કરવામાં આવી છે. છેલ્લી ઘડીએ શૂટ કેન્સલ કરવું શક્ય નથી.આ પછી પૂનમ પાંડેએ ૨ ઓડિયો મોકલ્યા. ત્યારબાદ અબ્દુલ ખાને તેમને એક દિવસનો સમય આપવા વિનંતી કરી. જો કે આ પછી અભિનેત્રીએ 'ગુડ નાઈટ' લખીને ચેટ બંધ કરી દીધી હતી. આ તસવીરો શેર કરતી વખતે પૂનમ પાંડેએ કહ્યું કે તેને માલદીવમાં શૂટિંગ કરવાની મજા આવે છે પરંતુ હવે તે ક્યારેય ત્યાં શૂટિંગ નહીં કરે. પૂનમ પાંડેએ જણાવ્યું કે તેણે માલદીવમાં શૂટ કેન્સલ કરી દીધું છે અને તેની ટીમ પણ ગઈ છે. પૂનમ પાંડેએ આશા વ્યક્ત કરી કે તે ટૂંક સમયમાં લક્ષદ્વીપમાં શૂટિંગ શરૂ કરશે.

ઈલોન મસ્કને લઈને એક મોટો ખુલાસો થયો

# ઈલોન મસ્ક પાર્ટીમાં ડ્રગ્સ લેતા હોવાનો દાવો કરાયો

## ઈલોન મસ્કની પ્રાઈવેટ પાર્ટીમાં જાય છે ત્યાં એલએસડી, કોકેઈન અને સાઈકેડેલિક મશરુમ જેવા ડ્રગ્સ લે છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।

અબજપતિ ઈલોન મસ્કને લઈને એક મોટો ખુલાસો થયો છે. તેઓ ડ્રગ્સ લેતા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. એક અમેરિકી અખબાર ધ વૉલ સ્ટ્રીટ જર્નલના એક અહેવાલમાં દાવો કરાયો હતો કે મસ્કે સ્પેસ એક્સની એક ઈવેન્ટમાં એલએસડી(એલએસડી) અને કોકેઈનનો ઉપયોગ કર્યો હતો. અખબારે તેના રિપોર્ટમાં દાવો કર્યો હતો કે જે લોકો ઈલોન મસ્કની પ્રાઈવેટ પાર્ટીમાં જાય છે તેમણે જોયું



છે કે એલએસડી, કોકેઈન અને સાઈકેડેલિક મશરુમ જેવા ડ્રગ્સનું સેવન કરે છે. આ પાર્ટીઓમાં સામેલ થવા માટે મહેમાનો પાસે એક નોન ડિસ્કલોજર એગ્રીમેન્ટ પર સહી કરાવાય છે અને તેમના પર ફોન પણ જપ્ત કરી લેવામાં આવે છે. અહેવાલમાં મસ્કના નજીકના લોકોએ દાવો કર્યો હતો કે મસ્ક અનેકવાર નશીલી દવાઓ ખાસ કરીને કેટામાઈનનું સેવન કરે છે. મસ્કે ગત વર્ષે ઓગસ્ટમાં ખુદ દાવો કર્યો હતો કે તે આ દવાનો એન્ટી ડિપ્રેઝેન્ટ તરીકે ઉપયોગ કરે છે. ૨૦૧૮માં લોસ એન્જેલમાં એક પાર્ટી યોજાઈ હતી જેમાં મસકે એસિડની અનેક દવાઓ લીધી હતી. તેના પછીના વર્ષે મેક્સિકોમાં પણ એક પાર્ટીમાં તેમણે મશરૂમ લીધો હતો.

### સલમાનના પનવેલના ફાર્મહાઉમાં પ્રવેશવાનો પ્રયાસ કરનારા બેની ધરપકડ

। નવી મુંબઇ, તા.૮ ।

ગયા વર્ષે, એક્ટર સલમાન ખાનને બિશ્નોઈ ગેંગ તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી હતી, ત્યારબાદ તેની સુરક્ષા માટે કડક વ્યવસ્થા કરવામાં આવી હતી. છતાં હવે સલમાન ખાનની સુરક્ષામાં મોટી ચૂક થઈ હોય તેવો એક મામલો સામે આવ્યો છે. સલમાન ખાન બોલિવૂડનો પ્રખ્યાત અભિનેતા છે. ચાહકો તેની એક ઝલક માટે આતુર રહેતા હોય છે. સલમાન તેના ચાહકોને પણ ખુલ્લેઆમ પણ મળતા રહે છે. પરંતુ આ દિવસોમાં તેમની સુરક્ષા પણ ચિંતાનો વિષય છે. મળતી માહિતી પ્રમાણે નવી મુંબઈના પનવેલ સ્થિત અભિનેતાના ફાર્મ હાઉસમાં બે શકમંદોએ બળજબરીથી પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. . જોકે, આ બાદ સિક્યોરિટી ગાર્ડે આ બંને લોકોને પકડી લીધા છે.

GST નિયમોમાં મોટો ફેરફાર, ૧ માર્ચથી લાગુ થશે નવો નિયમ

# ૫ કરોડથી વધુનો બિઝનેસ કરનારા ઈ-ઈનવોઈસ વિના ઈ-વે બિલ જનરેટ કરી શકશે નહીં

## છેલ્લા મહિનામાં એટલે કે ડિસેમ્બર ૨૦૨૩માં કુલ GST કલેક્શન ૧.૬૪ લાખ કરોડ રૂપિયા હતું, વાર્ષિક ધોરણે GST કલેક્શનમાં ૧૦ ટકાનો વધારો થયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કેન્દ્ર સરકારે GST નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે (૧ માર્ચ ૨૦૨૪ થી GST નિયમો બદલાઈ રહ્યા છે). હવે ૫ કરોડથી વધુનો બિઝનેસ કરનારા બિઝનેસમેન ઈ-ઈનવોઈસ વિના ઈ-વે બિલ જનરેટ કરી શકશે નહીં. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)ના નિયમો અનુસાર, વેપારીઓને રૂ. ૫૦,૦૦૦થી વધુની કિંમતનો માલ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં લઈ જવા માટે ઈ-વે બિલની જરૂર પડે છે. આવી સ્થિતિમાં હવે આ બિલ ઈ-ચલાન વિના જનરેટ થઈ શકશે નહીં. આ નિયમ ૧ માર્ચ ૨૦૨૪થી લાગુ થશે.

તાજેતરમાં, નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરએ તેની તપાસમાં જાણવા મળ્યું છે કે એવા ઘણા કરદાતાઓ છે જેઓ ઈ-ઈનવોઈસ વિના વ્યવહારો નિકાસ કરવા માટે બિઝનેસ ટુ બિઝનેસ અને બિઝનેસ માટે ઈ-વે બિલ જનરેટ કરી રહ્યા છે, જે નિયમોનું ઉલ્લંઘન છે. ઘણી વખત એવું જોવા મળ્યું છે કે આ વ્યવસાયોના ઈ-વે બિલ અને ઈ-ઈનવોઈસ મેળ ખાતા નથી. આવી સ્થિતિમાં ટેક્સ પેમેન્ટમાં પારદર્શિતા લાવવા માટે સરકારે હવે નિયમોમાં ફેરફાર કરીને ઈ-વે બિલ માટે ઈ-ચલણ ફરજિયાત બનાવ્યું છે. નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરએ GST કરદાતાઓને આદેશ જારી કરીને કહ્યું છે કે હવે તેઓ ઈ-ચલાન વિના ઈ-વે બિલ જનરેટ કરી શકશે નહીં. આ નિયમ ૧ માર્ચ ૨૦૨૪થી લાગુ થશે.

## તંત્રી લેખ...

# વિદેશમાં પણ રામ મંદિરને લઇને લોકોમાં ઉત્સાહ

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું લાઈવ ટેલિકાસ્ટ માત્ર દેશમાં જ નહીં વિદેશમાં પણ થશે. તેનું લાઈવ ટેલિકાસ્ટ અમેરિકાના ન્યૂયોર્ક સિટીના પ્રખ્યાત ટાઈમ્સ સ્ક્વેર ખાતે પણ કરવામાં આવશે. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, વિવિધ દેશોમાં ભારતીય દૂતાવાસોમાં પણ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે. આ પ્રસંગે પીએમ મોદી રામ ભક્તોને સંબોધિત કરશે. સૂત્રોએ જણાવ્યું હતું કે પીએમ મોદી સમારોહની તૈયારીઓ પર નજીકથી નજર રાખી રહ્યા છે અને તેમણે જે ધાર્મિક વિધિઓ અને નિયમોનું પાલન કરવું જરૂરી છે તેની વિગતવાર માહિતી પણ માંગી છે. રામલલ્લાના પ્રાણ પ્રતિષ્ઠાનો ૮૪ સેકન્ડનો શુભ સમય નક્કી કરવામાં આવ્યો છે. આ સમય ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૧૨:૨૯ થી ૧૨:૩૦ સુધીનો રહેશે. મંદિરની લંબાઈ (પૂર્વથી પશ્ચિમ) ૩૮૦ ફૂટ, પહોળાઈ ૨૫૦ ફૂટ અને ઊંચાઈ ૧૬૧ ફૂટ છે. આ મંદિર ત્રણ માળનું છે, જેનો દરેક માળ ૨૦ ફૂટ ઊંચો છે. તેમાં કુલ ૩૯૨ થાંભલા અને ૪૪ દરવાજા છે. રામલલ્લાની મૂર્તિ કર્ણાટકના પ્રખ્યાત શિલ્પકાર અરુણ યોગીરાજ દ્વારા બનાવવામાં આવી છે. આ મૂર્તિ પાંચ વર્ષના બાળકના રૂપમાં છે, નાના મંદિરમાં હાલમાં સ્થાપિત થયેલ જૂની મૂર્તિની પણ નવી મૂર્તિની સાથે ગર્ભગૃહમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામા આવશે. આગામી ૨૨મી જાન્યુઆરીએ ૫૦૦ વર્ષ બાદ રામલલ્લા પોતાના મંદિરમાં અયોધ્યામાં બિરાજમાન થવાના છે. અયોધ્યામાં રામલલાનું મંદિર લગભગ સંપૂર્ણ રીતે તૈયાર થઈ ચૂક્યુ છે અને ટૂંક સમયમાં સામાન્ય લોકો માટે ખુલવા જઈ રહ્યું છે. પરંતુ આજે અમે તમને અહીં ખાસ માહિતી આપી રહ્યાં છીએ, કે રામ મંદિરની આ ભવ્ય અને સંપૂર્ણ ડિઝાઈન કોણે તૈયાર કરી છે ? ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનો અભિષેક કરવામાં આવશે, ત્યારબાદ તેને દરેક માટે ખોલવામાં આવશે. ભવ્ય રામ મંદિરની તસવીરો પણ સામે આવી છે, જેમાં જોઈ શકાય છે કે મંદિર કેટલું સુંદર છે. મંદિરની ભવ્યતા જોઈને દરેકના મનમાં એક પ્રશ્ન ઉઠી રહ્યો છે કે તેની રચના કોણે કરી છે.રામ મંદિરના ડિઝાઈનર ચંદ્રકાંત સોમપુરા છે, જેમની ૧૫ પેઢીઓથી મંદિરોની ડિઝાઈન કરવામાં આવી રહી છે. સોમપુરા પરિવારે અત્યાર સુધીમાં દેશના અનેક મોટા મંદિરોની ડિઝાઈન તૈયાર કરી છે. જેમાં ગુજરાતના સોમનાથ મંદિર અને બિરલા મંદિરનો પણ સમાવેશ થાય છે. લગભગ ૩૦ વર્ષ પહેલા ગુજરાતના રહેવાસી ચંદ્રકાંત સોમપુરાએ રામ મંદિર આંદોલન દરમિયાન ડિઝાઈન તૈયાર કરી હતી, જેમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા હતા અને હવે તેને મંદિરનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

## ગિરનાર સર કરવા ૧૧૩૭ સ્પર્ધકોએ દોટ મુકી હતી



। (માહિતી) જૂનાગઢ ।

૩૮ મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા આજે જોમ અને જુસ્સા સાથે રાજયના સૌથી ઉંચા પર્વત ગિરનારને સર કરવા સિનિયર ભાઈઓ-બહેનો અને જુનિયર ભાઈઓ બહેનો એમ કુલ ૪ કેટેગરીમાં ૧૧૩૭ સ્પર્ધકોએ દોટ મુકી હતી.

આ સ્પર્ધામાં સીનીયર બહેનોમાં ૩૮.૨૭ મીનીટના સમય સાથે સુરેન્દ્રનગર ના જાડા રીંકલબેને મેદાન માર્યુ હતુ. સીનીયર ભાઈઓમાં જૂનાગઢના પરમાર લાલાભાઈએ ૧કલાક અને ૧૪ સેકંડ ના સમય સાથે ગિરનાર સર કર્યો હતો.જયારે જુનીયર બહેનોમાં ૩૯.૨૫ મીનીટના સમય સાથે જૂનાગઢની વિધાર્થીની ગરેજા જશુબેન એ પ્રથમ સ્થાન હાંસલ કર્યુ હતુ. જયારે જુનીયર ભાઈઓમાં ગીરસોમનાથના ભાલીયા સંજયભાઈએ ૧ કલાક ૫ મીનીટ અને ૧૪ સેકંડ ના સમય સાથે પ્રથમ સ્થાને વિજેતા થયો હતો.

જયારે સીનીયર બહેનોમાં બીજા ક્રમે કટેશીયા નીતાબેને ૩૯.૫૮ મીનીટ સાથે,ત્રીજા ક્રમે વાળા પારૂલબેને ૪૦.૩૪ મીનીટમાં, સીનીયર ભાઈઓમાં બીજા ક્રમે વાઘેલા શૈલેષભાઈ ૧ કલાક અને ૫૭ સેકંડ સાથે, ત્રીજા ક્રમે મેવાડા ધર્મેશકુમારે ૧ કલાક ૧ મીનીટ અને ૨૭ સેકંડ સાથે, જુનીયર બહેનોમાં બીજા ક્રમે કમારીયા જયશ્રી ૪૨.૦૧ મીનીટ સાથે , ત્રીજા ક્રમે પરમાર અસ્મીતા ૪૩.૫૪, જુનીયર ભાઈઓમાં બીજા ક્રમે સોલંકી દેવરાજકુમાર ૧ કલાક ૯ મીનીટ અને ૨ સેકંડ સાથે, ત્રીજા ક્રમે ગોહીલ દિગવીજયસીંહ એ ૧ કલાક ૯ મીનીટ અને ૪૪ સેકંડ સાથે ગિરનાર સર કર્યો હતો.

પવિત્ર ગિરનારની ભૂમીમાં સવારે ખુશનુમા વાતાવરણમાં ૬-૪૫ કલાકે ભાઈઓના પ્રથમ ચરણની સ્પર્ધાનો મેયર શ્રીમતિ ગીતાબેન પરમાર, કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના ચેરમેન હરેશભાઈ પરસાણા, પૂર્વ મેયર જ્યોતિબેન વાછાણી, ડેપ્યુટી કમિશનર શ્રી ઝાંપડા જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા સહિતના પદાધિકારીઓ- અધિકારીઓ પણ ફલેગ ઓફ કરવા માટે જોડાયા હતાં અને સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. જયારે બહેનોની સ્પર્ધાનો ૯-૩૦ કલાકે મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો. વિજેતા સ્પર્ધકોને રોકડ રકમ,પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરાયા હતા. મંગલનાથ આશ્રમ ભવનાથ ખાતે યોજાયેલ ઈનામ વિતરણ સમારોહમાં જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, મેયર શ્રીમતિ ગીતાબેન પરમાર, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, કેશોદના ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમ, માંગરોળના ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ કરગઠિયા,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હરેશભાઈ પરસાણા, શહેર ભાજપ પ્રમુખ શ્રી પુનિતભાઈ શર્મા, ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા,પૂર્વ મેયર આધ્યાશક્તિબેન મજમુદાર, ડેપ્યુટી કલેક્ટર શ્રી એન. એફ.ચૌધરી,ડેપ્યુટી કમીશનરશ્રી ઝાંપડા સહિતના પદાધિકારીઓ – અધિકારીઓના હસ્તે રોકડ પુરસ્કાર પ્રમાણપત્ર અને ટ્રોફી આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં અધ્યક્ષીય સંબોધન કરતા જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુમારે જણાવ્યું હતું કે, ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા ખૂબ જ કઠિન છે. આજનો યુવાન દેશનું ભાવી છે. ત્યારે યુવાન જો મજબૂત હશે તો દેશના વિકાસમાં યોગદાન આપી શકશે

# કાર્તિકેય એટલે પુરુષાર્થ અને એને શાસ્ત્રમાં ષડમુખી કહેવાયા છે! પુરુષાર્થનાં પણ મુખ્ય ‘છ’ પ્રકારો છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. એકધારું સ્થિર રીતે મેદાનમાં વહેતી નદીને થોડા ઉબડખાબડ રસ્તા માંથી પસાર થવાનું આવે, અને એની હલચલ એને પોતે પણ કંઈક કરી શકે એમ છે, એવું બળ પૂરું પાડે! એમ સણોસરા લોકભારતી ખાતે ચાલતી પૂજ્ય બાપુની કથામાં બે દિવસ જવાનો સુયોગ થયો, અને જીવનને એક નવાં આયામમાં, નવા અનુભવથી કંઈક જુદી રીતે મૂલવવાનો અવસર પ્રાપ્ત થયો, અને ચિંતનને વહેવા નવી નવી પુષ્કળ શાખાઓ મળી. હમણાં તો ટીમ ઓફ ટાર્ગેટ મુજબ બધાંની નજર આયોધ્યામાં ઘટનારી ઐતિહાસિક ઘટના પર સ્થિર છે, કારણ કે સૌ કોઈને એમ છે કે કંઈ પણ કર્યા કાર્યા વગર, માત્ર મંદિરમાં રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થશે, અને સમાજમાં રામરાજ્ય સ્થપાય જશે!: પણ આ કાર્ય એટલું આસાન પણ નથી, અને અશક્ય પણ નથી, બસ માત્ર દરેકના મનમાં એ કાર્યને સંભવ બનાવવાની પૂરેપૂરી તૈયારી હોવી જોઈએ. ગણ્યા ગાંઠ્યા લોકોથી આ કાર્ય અશક્ય છે. કારણ કે સમાજમાં જુદી જુદી કેટલીય પ્રકારની માનસિકતા ધરાવતા લોકો વસે છે, અને એમાં સૌથી ખતરનાક વિચારધારા કે માનસિકતા હોય તો એ છે કે, જેનાથી બીજાની શાંતિ જોઈ શકાતી નથી, અને એટલે આઝાદીના ૭૫/૭૬ વર્ષ પહેલાં રામરાજ્ય થતાં થતાં અટકી ગયું, અને રામરાજ્ય થાય એવી જેની સૌથી વધુ ઈચ્છા હતી, એવાં આપણાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ગોડસે દ્વારા હત્યા થઈ ગઈ! કોણ સાચું હતું! અને કોણ ખોટું! એ તર્કમાં કે પછી એ ચરિત્રને જજ કરવામાં આટલાં વર્ષ વીતી ગયા, પણ ‘ન’ ગાંધીની રામરાજ્યની ઘોષણા પૂરી થઈ, કે પછી ‘ન’ ગોડસેનું હિન્દુ રાષ્ટ્રનું સ્વપ્ન પૂરું થયું! કારણ શું હતું ખબર છે? બંને આ વાતને અલગ અલગ અને પોતાની રીતે સિદ્ધ કરવા માંગતા હતાં! જો એક થઈ ગયા હોત તો કદાચ બંનેનું સ્વપ્ન પણ પુરું થઈ ગયું હોત! અને આજે ભારતની કે હિન્દુસ્તાનની પરિસ્થિતિ સાવ જુદી હોત. જેમ કે ભારત પાકિસ્તાન ના ભાગલા ન થયાં હોત તો સરહદો સુરક્ષિત રાખવા ખર્ચવા પડતાં નાણાં બચી જાત અને દુનિયાના બધા જ ઈસ્લામિક દેશો આપણાં દુશ્મન ન હોત! અને હિન્દુ રાષ્ટ્ર એટલે શું? એ પ્રશ્ન આજે પણ યથાર્થ છે અને આટલા વર્ષોથી માત્ર રાજકારણીઓ ને જ એ મુદ્દે ફાયદો થયો છે. ખેર છોડો આ રાજકીય મોટી મોટી વાતો અને એનાં ખોટાં ખોટાં વચનોમાં આપણે અટવાવુ નથી! પણ રામરાજ્ય ન થવાના એક બીજા કારણ વિશે આજે આપણે ચિંતન કરીશું.

રામચરિત માનસ અનુસાર ચાર વક્તાઓ રામકથાની શરૂઆત કરે છે ભગવાન આદિદેવ શંકર, પાર્વતીને કથા સંભળાવે છે. પ્રયાગરાજમાં યાજ્ઞવલકરણ ભારદ્વાજ મુનિને કથા કહે છે. તો ઉત્તરકાંડમાં શ્રી કાગભુષંડી મહારાજ ગરુડને કથા કહે છે, અને તુલસીદાસજી પોતાના મનને સ્વાન્ત સુખાય રઘુનાથ કથા સંભળાવે છે. એમાં પ્રયાગરાજમાં રામ કોણ છે? એ પ્રશ્નના જવાબમાં રામના જન્મ કથાની શરૂઆત યાજ્ઞવલ્કજી શંકર ચરિત્રથી કરે છે,કે ભગવાન શંકર અને સતી બંનેનું કુંભજ ઋષિનાં આશ્રમમાં જવું, સતીનો કથામાં રસ ન પડવો, અને રામની પરીક્ષા કરવી, આકાશવાણી થવી, ભગવાન શંકર સતીના દેહનો ત્યાગ કરે છે, સતીનું દક્ષ યજ્ઞમાં પ્જવલિત થવું, બીજા જન્મે હિમાચલને ઘેર પાર્વતી રૂપે જન્મ થવો. સપ્તર્ષિના કહ્યા અનુસાર પાર્વતીનું કઠિન તપ કરવું, અને શંકરની સમાધિ કામદેવ દ્વારા છૂટવી! ભગવાન શંકર પાર્વતીના લગ્ન સંપન્ન થવાને નિયતિ અનુસાર શંકર પાર્વતીના પુત્ર કાર્તિકેય દ્વારા તાડકાસુરનો વધ થવો. આપણે ત્યાં શાસ્ત્રોમાં કાર્તિકેયને ષડમુખી બતાવવામાં આવ્યા છે, તેમજ કાર્તિકેય શૂરવીર છે, અને એને ષડમુખી પુરુષાર્થ પણ કહેવામાં આવે છે. ટૂંકમાં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે રામના જન્મ માટેનું એક મહત્વનું કોઈ કારણ હોય તો એ પુરુષાર્થ છે. બાપુએ પુરુષાર્થના છ મુખ દર્શાવ્યાં, આપણે થોડું ચિંતન કરીએ. (૧) પુરુષાર્થ કે જે આપણને નમિત કરે નહીં એવો, એટલે કે આપણે કોઈપણ કાર્ય કરીએ તો એનાથી આપણને શરમિંદી નો અનુભવ ન થાય એવા કાર્ય માટે શ્રમ કરવો જોઈએ. શરમ શબ્દ તો હવે ધીરેધીરે ડીક્ષનરીમા જ જોવા મળશે એવું લાગે છે. સ્ત્રી પુરુષ કે સમાજને ઘડનાર છે, અને બંને નું મહત્વ સરખું છે, બંને એકબીજા ના પૂરક છે, એ સત્ય ભૂલીને, એ બંને પોતપોતાના સ્વતંત્ર અસ્તિત્વ માટે કટિબદ્ધ બન્યા હોય એમ દુશ્મની દેખાડે છે એટલે ઘણીવાર ઘણી જગ્યાએ ઘર લાગતાં અખાડા જેવું લાગે. (૨) નિમિત્ત માત્ર ના ભાવથી કાર્ય થવું જોઈએ. જે બિલકુલ થતું નથી નાનું એવું કાર્ય કર્યું હોય તો પણ અહંકાર થયાં વગર રહેતો નથી, અને એમાં પણ સમાજ વાહવાહી કરે એવી ઈચ્છા પણ હોય! ન થાય તો ઈર્ષા નિંદા અને બીજા કેટલાય દૂષણના લશ્કર તૈયાર થાય. (૩) નમ્ર ભાવે કાર્ય કરવું કે પુરુષાર્થ કરવો! શરમ ની જેમ નમ્રતા પણ હવે ચોપડીમાં કે પછી એકતા કપૂરની સિરિયલની પેટન્ડ બની ગઈ હોય એવું છે! અને કાં નમ્રતા નો એક હથિયાર તરીકે ઉપયોગ થાય એટલે કે કામ કઢાવવા ઢોંગ રૂપે અદા થતી જોવા મળે! બાકી એ સંસ્કાર જ સંયુક્ત કુટુંબ પ્રથા માટે પર્યાપ્ત છે. (૪) નિષ્પક્ષ ભાવે થતું કાર્ય કે પુરુષાર્થ. મોહ, માયા, મમતા, અહમ, આગ્રહ, લોભ, લાલચ, ઈર્ષા નિંદા આ બધું જ મૂળમાં ન હોય! અને માત્ર પરમાર્થ માટે કાર્ય થતું હોય, એવું હવે બહુ જવલ્લે જ જોવા મળે છે. હવે તો ધીરે ધીરે પરિવારની વ્યાખ્યા પણ સીમિત થતી જાય છે, એટલે પરિવાર માટે પણ ત્યાગ કે બલિદાન થતાં નથી અને છતાં દેખાડો. (૫) નિરંતર પુરુષાર્થ દેશ કાળ પ્રમાણે કે પછી આહારવિહાર પ્રમાણે લોકોમાં ધીરજ ઘટતી જાય છે એટલે નિરંતર પુરુષાર્થ નો પ્રયાસ એવું હવે કોઈ માનતું નથી, અને રાતો રાત બધાને ધનવાન થઈ જવું છે એટલે આડાઅવળા ખીમિયા વિચારીને કે પછી વગર મહેનતે કેવો છ સમયની મહેનતે સૌ ધનવાન થવાના કિમયા શોધે છે.( ૬) નિજ ધર્મ માની થતું કાર્ય! કર્તવ્ય કર્મ તરફ આંગળી ચીંધે છે. શિક્ષણ અને સ્વતંત્રતાનો ખોટો અર્થ કરી આજે સ્ત્રી અને પુરુષો પોતાના કર્તવ્ય કર્મથી વિમુખ થતા જાય છે, અને એના એક નહીં કેટલાય કિસ્સાઓ આપણે આપી શકીએ એમ છીએ. લગ્ન અને ઘર પરિવાર એ બંનેની સરખી જવાબદારી છે એ મુદ્દે કોઈ નમતું જોખતું નથી અને એને કારણે નિજ ધર્મ ચૂકી જવાય છે કે પછી એમાં પણ અભિનય!: આની પર તો કેટલુંય લખી શકાય. આજકાલ સમાજમાં વૈજ્ઞાનિક વિકાસને કારણે એટલાં બધા સાધનોની શોધ થઈ છે કે, એ માનવ જાતિને ધીરે ધીરે પુરુષાર્થથી દૂર ધકેલતી જાય છે. આજકાલની યુવાની વ્હાઈટ કોલર જોબને પસંદ કરે છે! બધે જ બુધ્ધિના ખેલની બોલબાલા છે. સાચી રીતે શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય કે સારા સંસ્કારમાં ઉછરેલા યુવાનો હોય તો, એ ખરેખર બુદ્ધિ પ્રતિભાથી સારું એવું કમાઈ લેતા હોય છે, પણ જે એટલું ભણ્યા નથી, એને આ રીતે સારી જોબ ન મળે, એ લોકો પોતાની બુદ્ધિ પ્રતિભાથી કઈ રીતે લોકોને છેતરવા એની યુક્તિ પ્રયુક્તિઓ કરતા હોય છે, અને આપણે સૌ જાણીએ છીએ, તેમ દિવસે દિવસે સાયબર ક્રાઈમનાં કેસો વધતા જ જાય છે. કોઈ શિક્ષણને દોષ દેશે! તો કોઈ સંસ્કારને દોષ દેશે! સુધારવાની કોશિશ ઘણા કરે છે, પણ મૂળમાં સુધારવા કરતા સુધરવાની જરૂર છે, એ વાત વિસરી જાય છે. મારી મોટી ભાભી ઈનાક્ષી કે જે આજે હવે નથી, એ હંમેશા કહ્યાં કરતી કે કોઈની તરફ આંગળી ચીંધીએ તો, આપણી તરફ બાકીની ત્રણ આંગળી રહે છે. એટલે કે કોઈ તરફ નિર્દેશ કરીએ તો સુધરવાની જરૂર આપણે ત્રણ ગણી છે, એવું સાબિત થાય. તો અંતરમાં રામ જન્મતો નથી, કે પછી સમાજમાં રામરાજ્ય નથી થતું, એ માટે અન્ય કરતા આપણે ત્રણ ગણાં જવાબદાર છીએ, એ સ્વીકારવાનો સમય આવી ગયો છે. રામ જન્મ અને રામરાજ્ય થાય એ માટે આપણે ષડમુખી પુરુષાર્થનો પ્રયોગ કરીને સુધારવા કરતા સુધરવાની જરૂર છે! એ સત્ય સ્વીકારી જલ્દી માં જલ્દી અંતરમાં રામ અને સમાજમાં રામરાજ્ય સ્થાપિત કરીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



શ્રીમદ્ ભાગવત ગીતામાં સ્પષ્ટ કહયું છે કે આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છે:એક જ્ઞાન માર્ગ અને બીજો ભક્તિમાર્ગ. જ્ઞાન માર્ગ કહે છે કે, સર્વ છોડીને પરમાત્માપાછળ પડો. વૈરાગ્ય વગર જ્ઞાન મળતું નથી. જ્ઞાન માર્ગમાં વૈરાગ્ય મુખ્ય છે. જ્ઞાનમાર્ગમાં બધું છોડી દેવાનું છે. જ્ઞાની બધું છોડી દે છે અને એક ભગવાનને પકડી રાખે છે. જ્ઞાન માર્ગમાં ત્યાગ મુખ્ય છે.

ભક્તિમાર્ગ કહે છે કે,સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું. ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે. ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી. એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા. ભગવાન સૂતેલા છે. લક્ષ્મીજી ચરણની સેવા કરે છે. આને મોટો દેવ કોણ કહે? આવેલા પરીક્ષા કરવા એટલે એક દમ આવીને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિ એ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહે છે, મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ. તમારાં ચરણને દુ:ખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે?પણ માતાજીને જરા ખોટું લાગ્યું.આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી.તેથી માતાજીએ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે ઘણે ભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે. જ્ઞાનીઓ માને છે કે,આ શરીરનો સંબંધ થયો એટલે દુ:ખ આવ્યું, એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી. પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો. સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો. સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો. સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વરને અર્પણ કરી સર્વ કર્મફળનો ત્યાગ કરો.દરેકમાં મમતા-મારાપણું એ સમર્પણ માર્ગ. અમુકમાં જ મમતા એ સ્વાર્થ માર્ગ. આજે આ બધાં સ્વાર્થમાર્ગી બન્યા છે. સંસારમાંથી જે ન જાગે તેને કનૈયો મળતો નથી. ત્યારે જાગ્યો કોણ કહેવાય? જે મનથી વિષયસુખનો ત્યાગ કરી ભગવાનના નામનો જપ કરે તે. તુલસીદાસજી કહે છે, જ્યારે સઘળા વિષય-વિલાસો ઉપર વૈરાગ્ય આવે, ત્યારે સમજવું કે એ જીવ જગતમાં જાગ્યો છે. કપિલમુનિ માતાને કહે છે, મા, અનાદિકાળથી આ મન સંસારમાં ભટકતું આવ્યું છે. સત્સંગથી મન સુધરે છે,વાસનાનો ત્યાગ કરવાથી મન સુધરે છે. વિવેકી પુરુષો સંગ અથવા આસક્તિને આત્માનું બંધન માને છે,પરંતુ એ સંગ અથવા આસક્તિ જ્યારે સંત -મહાત્માઓ પ્રતિ થાય છે,તો મોક્ષનું દ્વાર ખુલ્લું થઈ જાય છે માટે સત્સંગ કરવો.દેવહુતિ કહે છે કે,મને જગતમાં ક્યાંય સંત દેખાતા નથી. કપિલ ભગવાન કહે છે,મા,તું સંત થા,એટલે તને સંત મળશે. એકનાથ, તુકારામ,નરસિંહ ગૃહ સ્થાશ્રમી હતા. તેઓ ઘરમાં રહીને સંત થયેલા છે.સંતનાં લક્ષણો જીવનમાં ઉતારો તો સંત થશો. સત્સંગ વગર સુખ મળતું નથી. સંત થયા વિના સાચા સંત મળતા નથી. દષ્ટિ પ્રમાણે સૃષ્ટિ બને છે. હનુમાનજીની આંખ ક્રોધથી લાલ થવાથી ધોળાં ફૂલ પણ તેમને લાલ દેખાયાં હતાં. આ વાત એકનાથ મહારાજે કહી છે.તેઓ રામાયણ ના સુંદરકાંડની કથા કહી રહ્યા હતા.

આ સુંદરકાંડમાં સઘળું સુંદર છે. સુંદરકાંડનું નામ સુંદર એટલા માટે રાખ્યું છે કે, હનુમાનજીન તેમાં માતાજીની પરાભક્તિનાં દર્શન થયાં છે. બ્રહ્મચર્ય અને રામનામની શક્તિ હોય,તો દરિયો—આ સંસાર સાગર ઓળંગાય. હનુમાનજીજેવા હોય તો જ આ દરિયો ઓળંગી શકે.દરિયો ઓળંગી હનુમાન અશોકવનમાં આવ્યા છે. એકનાથ મહારાજે કથામાં કહ્યું કે,હનુમાન જી જ્યારે અશોકવનમાં આવ્યા છે, ત્યારે ત્યાંના ફૂલઝાડો ઉપર ધોળાં ફૂલ ખીલી રહ્યાં હતાં. સીતાજી જયાં હોય તે અશોકવન. ભક્તિ જ્યાં હોય ત્યાં શોક ન હોય.

એકનાથજીની આ કથા હનુમાન જી સાંભળવા આવેલા. તેમણે તરત પ્રગટ થઈ વિરોધ નોંધાવ્યો. મહારાજ,તમે ખોટું કહી રહ્યા છો. મેં તે વખતે અશોકવનમાં મારી સગી આંખોએ ફૂલો જોયેલાં ફૂલો ધોળાં નહીં પણ રાતાં હતાં. એકનાથ મહારાજે કહ્યું, મને જેવું દેખાય છે તેવું વર્ણન કરું છું.છેવટે ઝઘડો રામચંદ્રજી પાસે ગયો. રામજીએ કહ્યું, તમે બંને સાચા છો.ફૂલો ધોળા પરંતુ હનુમાનજીની આંખો તે વખતે ક્રોધથી લાલ થયેલી હતી, એટલે એમને ફૂલો રાતાં દેખાયાં એ પણ સાચું છે.

જેવી મનુષ્યની દષ્ટિ હશે તેવી તેને સૃષ્ટિ દેખાશે.દુર્યોધનને જગતમાં કોઈ સંત ન દેખાયો,બધા દુર્જન માલુમ પડયા. ત્યારે યુધિષ્ઠિરને જગતમાં કોઈ દુર્જન ન દેખાયો. તેને બધા સજ્જન લાગ્યા.

સંતોનાં લક્ષણોમાં તિતિક્ષાને પ્રાધાન્ય આપવામાં આવેલું છે. સહન કરો તો સુખી થશો. સંતોનાં પરિત્રો વાંચો. સંતોને ખૂબ દુ:ખ પડયું છે, પણ તે દુ:ખોની અસર સંતોના મન ઉપર થતી નથી. એકનાથ મહારાજ પૈઠણમાં રહેતા ગોદાવરી નદી ઉપર જવાના માર્ગ ઉપર એક પઠાણ રહે. તે માર્ગથી જે હિંદુઓ સ્નાન કરીને જાય તેમને પઠાણ બહુ તંગ કરતો. એકનાથ મહારાજ પણ એ જ રસ્તેથી ગોદાવરીમાં સ્નાન કરવા જતા હતા.પઠાણ મહારાજ ને પણ તંગ કરતો પણ એકનાથ જી સર્વ સહન કરે. એક દિવસ પઠાણને થયું કે, આ માણસને ગુસ્સે કરું ત્યારે ખરો! એકનાથજી મહારાજ નદીમાં સ્નાન કરીને પાછા ફરતા હતા. પેલો યવન એમના ઉપર થૂંક્યો. મહારાજ ફરીથી સ્નાન કરવા ગયા. પણ યવન ઉપર ગુસ્સે થયા નહીં. યવન ફરી થૂંકયો. મહારાજ ફરી સ્નાન કરવા ગયા.આવું ચાલ્યા જ કર્યું. મહારાજ એકસો આઠ વખત સ્નાન કરવા ગયા, ને થવન એમના પર એકસો આઠ વખત થૂંક્યો. છેવટે યવન મહારાજના પગે પડી કહે, આપ સંત છો. હું તમને ઓળખી શક્યો નહીં. મહારાજ કહે, એમાં ક્ષમા કરવા જેવું શું છે?તારા લીધે આજે એકસો આઠ વખત ગોદાવરીમાં સ્નાન કરવાનું પુણ્ય મને મળ્યું.

શાંતિ તેની કાયમ રહે છે જે અંદર થી ઈશ્વરનું અનુસંધાન રાખે છે. ઈશ્વરથી દૂર છે તેને શાંતિ ક્યાંથી? જે ખૂબ સહન કરે છે તે સંત બને છે.અતિશય વિપત્તિમાં પણ જે ઈશ્વરનો અનુગ્રહ સમજે એ મહાન વૈષ્ણવ.બાકી દુષ્ટ લોકો કોઇનું સારું જોઈ શકતા નથી. દુષ્ટ લોકોએ તુકારામને ગધેડા ઉપર બેસાડયા ત્યારે તુકારામ પત્નીને કહે છે, મારા વિઠ્ઠલનાથે મારા માટે ગરુડ મોકલ્યું છે. તેના ઉપર બેઠો છું.આ સંત ભાવ છે. જગતમાં ખૂબ સહન કરો.જગત માં અંધારું છે એટલે પ્રકાશની કિંમત છે. તિતિક્ષા એ સંતોનું પહેલું લક્ષણ. કરુણા બીજું. સર્વ દેહધારીઓ પ્રતિ પ્રેમ પછી અજાતશત્રુપણું, શાંત સરળભાવ વગેરે લક્ષણો બતાવ્યાં.શાંતિની પરીક્ષા પ્રતિકૂળ તામાં થાય છે.અર્થનું-પૈસાનું અનુ સંધાન રોજ રાખો છો,પરંતુ તે સાથે પરમાત્માનું અનુસંધાન રાખશો તો પૈસા પણ મળશે અને શાંતિ પણ મળશે.આ જીવનગાડી ના ફક્ત પાટા જ બદલવાના છે. સંત પ્રભુના માટે સર્વનો ત્યાગ કરે છે. ભગવાન કહે છે કે, સંત મારા માટે સંપૂર્ણ કર્મ તથા સગાં સંબંધીઓનો ત્યાગ કરે છે. ભગવાન કસોટી કરીને અપનાવે છે. નરસિંહ મહેતાની બહુ કસોટી કરેલી.મહેતાજીએ માગ્યું,ભગવાન કળિયુગમાં આવી કસોટી કરશો નહીં.આવી કસોટી કરશો, તો કોઈ તમારી સેવા કરશે નહીં.ભગવાન ની કથા સાંભળવાથી શ્રદ્ધા દૃઢ થાય છે.તે પછી ભગવાન તરફ આસક્તિ વધે છે. ભગવાન તરફ આસક્તિ વધે છે એટલે વ્યસના ત્મિકા ભક્તિ પ્રાપ્ત થાય છે. ભક્તિ વ્યસનરૂપ બને ત્યારે એને મુક્તિ સુલભ થાય છે.ભક્તિ જ્યારે વ્યસનની ઉગ્રતા જેવી બને છે ત્યારે તે ઈશ્વર પાસે લઈ જાય છે.તીવ્ર ભક્તિ વગર મુક્તિ મળતી નથી. તીવ્ર ભક્તિ એટલે વ્યસના ત્મિકા ભક્તિ. તુકારામે ભક્તની સુંદર વ્યાખ્યા આપી છે. એક ક્ષણ પણ ભગવાન થી વિભક્ત ન થાય એ ભક્ત. વ્યવહારનું કાર્ય કરતાં ભગવાનથી વિભક્ત ન થાય તેનું નામ ભક્ત. અયોધ્યામાં પાંચસો વર્ષ પછી રામલ્લા નિજગૃહે બિરા જમાન થશે રાજકીય રંગરોગાન જેવાં થતા હોય પરંતુ મારો રામ પોતાના નિવાસ સ્થાને બિરાજ માન થશે ત્યારે એક રામ ભકત તરીકે જ્યાં આપણે બેઠા હોય ત્યાંથી સંકલ્પ કરીએ કે મારા ગામ શહેરના રામજી મંદિરે દરરોજ એક ટાઈમ તો દર્શન કરવા જઈશ. બસ આટલું થાય તો મારો રામ કાયમ ખુશ રહેશે બાકી તો ચૂંટણી રાજકારણ ને પ્રજા ભ્રમિત સિવાય કંઈ જ નથી. જય શ્રી રામ. સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# બોલિવૂડ સુપરસ્ટાર સિંગર અરિજીત સિંહનું સાધારણ ઘર



## અરિજીત સિંહના ઘરને જોવા માટે અહીં ટૂરિસ્ટ આવતા રહે છે, જો કે મુર્શિદાબાદ એક માઇનિંગ સિટી છે

આ ઘરને જોઈને કોઈ સુપરસ્ટાર જેવો લુક નથી આવતો. સાધારણ એવું ઘર અને તેની બહાર એક નાનકડી ગાડી જોઈને ફેન્સ પણ પોતાની આંખો પર વિશ્વાસ નથી કરી શકતાં. અરિજીત સિંહના ઘરને જોવા માટે અહીં ટૂરિસ્ટ આવતા રહે છે. જો કે મુર્શિદાબાદ એક માઈનિંગ સિટી છે. આ માઈનિંગ સિટીને જોવા માટે દુનિયાભરથી લોકો આવે છે. સાથે જ જ્યારે અરિજીત સિંહના ઘરે તેઓ જુએ છે તો તેમને પોતાની આંખ પર વિશ્વાસ નથી થતો. અરિજીત સિંહના ભારત ઉપરાંત દુનિયાભરમાં ફેન્સ છે. અરિજીત સિંહે સિંગિંગની દુનિયામાં જે ખ્યાતિ મેળવી છે તેના પહેલા તેણે ખૂબ સંઘર્ષ કર્યો છે. અરિજીત સિંહને ટીવી રિયાલિટી શો ઈન્ડિયન આઈડલથી ઓળખ મળી હતી. જો કે આ શોનો વિજેતા અરિજીત સિંહ બની ન શક્યો. પરંતુ તે બાદ પણ અરિજીત સિંહે હાર ન માની અને બોલિવૂડમાં ગીતો ગાતો રહ્યો. વર્ષ ૨૦૧૧માં આવેલી ફિલ્મ 'મર્ડર'થી અરિજીત સિંહને ખૂબ જ પસંદ કરવામાં આવ્યો હતો. તે બાદ અરિજીત સિંહે એજન્ટ વિનોદ, કોકટેલ, બરફી અને આશિકી-૨ના ગીતોથી ખાસ મુકાસ હાંસેલ કર્યો. આજે અરિજીત સિંહ દુનિયાના સૌથી ઉમદા સિંગર્સમાંથી એક માનવામાં આવે છે. તે બાદ પણ અરિજીત સિંહ ખૂબ જ સિંપલ જીંદગી જીવવાનું પસંદ કરે છે. જ્યારે પણ અરિજીત સિંહને કામમાંથી નવરાશ મળે છે, તે પોતાના ઘર મુર્શિદાબાદ આવી જાય છે. અરિજીત અહીં જ પોતાનો મોટાભાગનો સમય પસાર કરે છે. અરિજીત સિંહ પોતાના ૧૨ વર્ષના કરિયરમાં ૨૩૪થી વધુ ફિલ્મોમાં ગીતો ગાઈ ચુક્યો છે. અરિજીત સિંહ આજે બોલિવૂડના સૌથી ફેમસ સિંગર્સમાંથી એક છે. અરિજીત સિંહના ઘણા ગીતો યુટ્યૂબ પર સૌથી વધુ સાંભળવામાં આવેલા ગીતોની લિસ્ટમાં સામેલ છે.



# મલાઇકાએ સાવ નાનકડો ડ્રેસ પહેરીને ફેન્સના ધબકારા વધાર્યા



## બોલિવૂડ ફિલ્મ સ્ટાર મલાઇકા અરોરાએ કેટલાક દિવસો પહેલાં લગ્નનો ઇશારો કરીને ફેન્સને ચોંકાવી દીધા હતા

બોલિવૂડ ફિલ્મ સ્ટાર મલાઈકા અરોરાએ કેટલાક દિવસો પહેલાં લગ્નનો ઈશારો કરીને ફેન્સને ચોંકાવી દીધા હતા. અદાકારે એક રિયાલિટી શોમાં દાવો કર્યો હતો એ જલદી લગ્ન કરી પણ શકે છે. આ નિવેદન આપ્યા પછી ફેન્સે મલાઈકા અને અર્જૂનના લગ્નની વાત શરૂ કરી દીધી છે. આ બધી વાત વચ્ચે મલાઈકા મુંબઈમાં શોર્ટ ડ્રેસ પહેરીને સ્પોટ થઈ હતી. હાલમાં આ તસવીરો વાયરલ થઈ રહી છે. એક્ટ્રેસ મલાઈકા અરોરા હાલમાં મુંબઈ એરપોર્ટ થઈ સ્પોટ હતી. જ્યાં મલાઈકાને બ્લેક કલરની ગાડીમાંથી ઉતરતા જોઈને ફેન્સ ઘાયલ થઈ ગયા હતા. જો કે ગાડીમાંથી ઉતરીને મલાઈકા એકથી એક હોટ પોઝ આપ્યા હતા. મલાઈકા સોશિયલ મિડીયામાં ખૂબ એક્ટિવ રહે છે. મલાઈકાની તસવીરો આવતાની સાથે સોશિયલ મિડીયામાં છવાઈ જાય છે. મોટાભાગના લોકો જાણે છે કે મલાઈકા અરોરા ફિલ્મ સ્ટાર અર્જૂન કપૂરને ડેટ કરી રહી છે. ડેટિંગની ખબરો વચ્ચે મલાઈકાએ લગ્નની તરફ એક ઈશારો ફેન્સમાં અનેક ઘણી ઉત્સુક્તા વધારી દીધી છે. આમ, કહેવાય છે કે મલાઈકા કોઈને કોઈ રીતે હંમેશા ચર્ચામાં રહેતી હોય છે. મલાઈકાનો ફેન્સ વર્ગ બહુ મોટો છે. મલાઈકા ૫૦ વર્ષની થઈ ગઈ છે પરંતુ પોતાને ખૂબ ફિટ રાખે છે. મલાઈકાને જોતા જરા પણ એમ લાગતુ નથી કે એ ૫૦ વર્ષની થઈ ગઈ હોય. ૫૦ વર્ષે પણ મલાઈકા એકદમ ફિટ એન્ડ ફાઈન છે. યોગા, એક્સેસાઈઝ તેમજ જીમને લગતા મલાઈકાના અનેક વિડીયો અને તસવીરો સામે આવતી હોય છે. આ નાનકડા ડ્રેસમાં જોઈને કોઈને લાગે નહીં કે મલાઈકા ૫૦ વર્ષની થઈ ગઈ છે. ૫૦ વર્ષની ઉંમરમાં મલાઈકા અરોરાનો આ બબલી લુક જોઈને ફેન્સ ફિદા થઈ ગયા છે. જો કે આ તસવીરો જોયા પછી લોકોએ ઈન્સ્ટાગ્રામ પર અનેક પ્રકારની કોમેન્ટ્સ કરી છે. મલાઈકા આ તસવીરમાં ટોન્ડ લેગ્સ ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. એક્ટ્રેસે વ્હાઈટ સ્નીકર્સ પહેરીને સ્ટાઈલિશ લુક ફેન્સને બતાવ્યો છે. આ તસવીરો વાયરલ થઈ રહી છે.

**મલાઇકા અરોરા હાલમાં મુંબઇ એરપોર્ટ થઇ સ્પોટ હતી**

# અંકિતા લોખંડેએ પતિ વિકી જૈનને નકામો કહ્યો






જ્યારે અંકિતા લોખંડે પોપ્યુલર રિયાલિટી શો બિગ બોસ ૧૭માં તેના પતિ વિકી જૈન સાથે એન્ટ્રી કરી ત્યારે સેલિબ્રિટી કપલના ફેન્સ ખૂબ જ ખુશ હતા. આ પહેલાં આ કપલે એક ડાન્સ રિયાલિટી શોમાં સાથે એન્ટ્રી કરી હતી અને આ દરમિયાન તેમની જબરદસ્ત કેમેસ્ટ્રી જોવા મળી હતી. પરંતુ, બિગ બોસમાં તેમની એન્ટ્રી થઈ ત્યારથી જ વિકી અને અંકિતા વચ્ચેના સંબંધોમાં તિરાડ જોવા મળી રહી છે. આ કપલ આજકાલ તેમની લડાઈને લઈને ઘણું ચર્ચામાં છે. અંકિતા અને વિકી સતત એકબીજા સાથે ઝઘડતા જોવા મળે છે. આવી સ્થિતિમાં બંનેના ચાહકો પણ ખૂબ જ ચિંતિત છે. હાલમાં અંકિતાને ઘરની કેપ્ટન છે અને તેને એક કાર્ય સોંપવામાં આવ્યું છે. ઘરમાં એક ટાસ્ક દરમિયાન તેણે તેના પતિ વિકી જૈનને 'નકામો' કહ્યો હતો, જે તેને પસંદ નહોતું આવ્યું. આ શોના આગામી એપિસોડનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં અંકિતા અને વિકી ફરી એકવાર એકબીજા સાથે ઝઘડતા દેખાઈ રહ્યા છે. અહીં અંકિતા વિકીને કહેતી જોવા મળી હતી કે તે દરેકની સમસ્યામાં બળજબરીથી દખલ કરે છે. અંકિતા કહે છે કે, 'તે બિનજરૂરી ગુસ્સે છે, ફાટેલામાં પગ ભરાવે છે. મુન્નો પણ બોલતો નથી, 'ફાલતુ ફાલ્તુ'પ' તેના જવાબમાં વિકી કહે છે કે, 'મને એવી આશા નહોતી કે ફાલતુ મળશે. ગેમ શો માટે આવ્યા છીએ, પણ સંબંધ તો છે ને. હું નથી ભૂલ્યો, તમે ભૂલી ગયા હશો.' આના જવાબમાં અંકિતાએ કહ્યું કે, 'તમને લાગે છે કે હું મુન્નાને પસંદ કરીશ' જવાબમાં વિકીએ કહ્યુ કે, તે કરી નાંખ્યો. આ જ વીડિયોમાં સલમાન ખાન પણ તબ્બુ સાથે ડાન્સ કરતો જોઈ શકાય છે અને બીજી તરફ મુનવ્વર અને મન્નારા વચ્ચે જોરદાર લડાઈ જોવા મળી રહી છે. ત્યારબાદ અંકિતા લોખંડેની માતા, વિકી જૈનની માતા અને ઈશા માલવિયાના ભાઈનો વીડિયો પણ ચલાવવામાં આવે છે, જેને જોઈને પરિવારના સભ્યો ભાવુક થઈ જાય છે. અગાઉ, પ્રોમોમાં, અંકિતા લોખંડે તેના પતિ વિકીને મન્નારા ચોપરા સાથે ડિનર કરતા જોઈને તેને પઝેસિવ થઈ જાય છે. આ બાબતે બંને વચ્ચે ઉગ્ર દલીલ શરૂ થાય છે, જેની શરૂઆત વિકી મન્નારા સાથે ડિનર માટે રૂમમાં જવાથી થાય છે. અંકિતાએ આ જોયું અને તેની સાથે ઝઘડો કર્યો હતો. આ દરમિયાન અંકિતા ઘરની અન્ય મહિલાઓ સાથે વિકીની નિકટતા અંગેની તેની સમસ્યાઓ શેર કરે છે.

**અંકિતા અને વિકી સતત એકબીજા સાથે ઝઘડતા જોવા મળે છે, આવી સ્થિતિમાં બંનેના ચાહકો પણ ખૂબ જ ચિંતિત છે**

# એકબીજામાં ખોવાયા કરન કુંદ્રા અને તેજસ્વી પ્રકાશ

એક્સ બિગ બોસ વિનર અને ટીવી સિરિયલ અદાકાર તેજસ્વી પ્રકાશ આ દિવસોમાં એના બોયફ્રેન્ડ કરન કુંદ્રા સાથે મિત્રના લગ્નમાં હાજરી આપવા માટે પહોંચી છે. જ્યાં એક્ટ્રેસ તેજસ્વી પ્રકાશે સોશિયલ મિડીયામાં બોયફ્રેન્ડ સાથે કેટલીક તસવીરો શેર કરી છે. આ બન્ને તસવીરો હાલમાં ખૂબ વાયરલ થઈ રહી છે. એક્ટ્રેસ પોતાના બોયફ્રેન્ડ સાથે એકથી એક રોમેન્ટિક તસવીરો ખેંચાઈ રહી છે. આ તસવીરો જોઈને તમે પણ ખુશ-ખુશ થઈ જશો. ટીવી સિરિયલ સ્ટાર તેજસ્વી પ્રકાશ એના મિત્રના લગ્નમાં બોયફ્રેન્ડની સાથે ફૂલ ટૂ મસ્તી મુડમાં જોવા મળી રહી છે. તેજસ્વી પ્રકાશના એક્સપ્રેશન જોઈને તમે પણ એક નજરે ખુશ થઈ જશો. તેજસ્વી પ્રકાશ પોતાના બોયફ્રેન્ડ સાથે મસ્ત પોઝ આપી રહી છે. રોમેન્ટિક તસવીરોમાં તમે જોઈ શકો છો કે આ બન્ને કેટલા ખુશ દેખાઈ રહ્યા છે. આ તસવીરમાં તેજસ્વી પ્રકાશ એના બોયફ્રેન્ડ પર જાણે ચઢી ગઈ હોય એમ લાગી રહ્યુ છે. આ સમયે બોયફ્રેન્ડના ફેસ પર કોઈ વધારે એક્સપ્રેશન જોવા મળતા નથી, પરંતુ તેજસ્વી પ્રકાશ એકદમ ખુશ અંદાજમાં જોવા મળી રહી છે. તમે જોઈ શકો છો કે એક્ટ્રેસ બ્લુ લહેંગામાં મસ્ત ક્લાસિક તસવીરો ક્લિક કરાવી રહી છે. કરન અને તેજસ્વી પ્રકાશ સોશિયલ મિડીયામાં ઘણાં એક્ટિવ રહે છે. આ બન્નેની તસવીરો હંમેશા વાયરલ થતી રહેતી હોય છે. ફેન્સ પણ કરન અને તેજસ્વીની આ તસવીરો જોઈને ખુશ થઈ જશો. આ તસવીરો જોઈને ફેન્સને એક્ટ્રેસના લહેંગા પર નજર ટકી ગઈ છે. જ્યારે કરનનું ડ્રેસિંગ પણ એટલું જ મસ્ત છે. કરન કુંદ્રાએ અંદર પહેરેલો વ્હાઈટ શર્ટ એના સ્માર્ટનેસમાં વધારો કરવાનું કામ કરે છે. કરન પણ મસ્ત ગર્લફ્રેન્ડ સાથે હટકે રોમેન્ટિક અંદાજમાં પોઝ આપી રહ્યો છે. તેજસ્વી પ્રકાશ તથા કરન કુંદ્રા 'બિગ બોસ ૧૫'ના ઘરમાં એકબીજાને મળ્યા હતા. તેજસ્વી આ શોની વિનર બની હતી. ઘરમાં જ કરન તથા તેજસ્વીએ એકબીજાના પ્રેમનો સ્વીકાર કર્યો હતો. બંને લગ્ન પણ કરવાના હોવાની ચર્ચા છે.

# તમન્ના ભાટિયાનો બ્લેક ડ્રેસમાં બોલ્ડ લુક વાયરલ



## તમન્ના ભાટિયા ફિલ્મ એનિમલની સકસેસ પાર્ટીમાં પહોંચી હતી, જ્યાં પૈપરાઝી સામે મસ્ત પોઝ આપીને લોકોને ઘાયલ કરી દીધા

સાઉથથી લઈને બોલિવૂડ સુધી પોતાની એક્ટિંગનો જલવો જોઈને એક્ટ્રેસ તમન્ના ભાટિયા આ દિવસોમાં ચર્ચામાં રહે છે. તમન્ના ભાટિયા પોતાની એક્ટિંગની સાથે ખૂબસુરતી માટે જાણીતી છે. તમન્ના ભાટિયાની તસવીરો સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થતી રહે છે. એક્ટ્રેસ ફેન્સ માટે તસવીરો શેર કરતી રહેતી હોય છે. તમન્ના ભાટિયા હાલમાં ફિલ્મ એનિમલની સકસેસ પાર્ટીમાં પહોંચી હતી અને લોકોનું ધ્યાન ખેંચવામાં કામયાબ રહી છે. જો કે તમન્ના ભાટિયાનો ડ્રેસ જોઈને ટ્રોલ થઈ રહી છે. તમન્ના ભાટિયા એની તસવીરોમાં કોઈ વાર બોલ્ડ તો કોઈ વાર ક્યૂટ લુકમાં જોવા મળતી હોય છે. તમન્ના ભાટિયા પોતાની અદાઓથી લોકોને આકર્ષિત કરતી હોય છે. તમન્ના ભાટિયા ફરી એક વાર પૈપરાઝીના કેમેરામાં કેદ થઈ ગઈ છે. તમન્ના ભાટિયાની આ તસવીરો જોઈને તમે પણ સુપર બોલ્ડ થઈ જશો. એક્ટ્રેસ બ્લેક ડ્રેસમાં સુપર બોલ્ડ લાગી રહી છે. તમન્ના ભાટિયા ફિલ્મ એનિમલની સકસેસ પાર્ટીમાં પહોંચી હતી, જ્યાં પૈપરાઝી સામે મસ્ત પોઝ આપીને લોકોને ઘાયલ કરી દીધા. એનિમલ મુવીની સકસેસ પાર્ટીમાં એક્ટ્રેસ અને એક્ટર એકથી એક મસ્ત પોઝ આપ્યા હતા. તમન્ના ભાટિયા ક્યારે સ્માઈલ કરતી જોવા મળે છે તો ક્યારેક વાળ ખુલ્લા રાખીને પોઝ આપતી જોવા મળે છે. તમન્ના ભાટિયાની એક-એક અદા ફેન્સને ઘાયલ કરી દે છે. તમન્ના ભાટિયાની નવી તસવીરો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહી છે. આ તસવીર લોકોને ખૂબ પસંદ પડી રહી છે. તમન્ના ભાટિયાએ રિવલીંગ ડ્રેસ પહેર્યો છે જેમાં સુપર બોલ્ડ પોઝ આપીને લોકોને ચોંકાવી દીધા છે. એક્ટ્રેસની આ તસવીરો જોઈને યુઝર્સનો ગુસ્સો ફૂટ્યો છે. તમન્ના ભાટિયાના રિવલીંગ ડ્રેસ પર એક યુઝર્સે કમેન્ટ કરીને લખ્યુ છે કે આવા કપડા કોઈ પહેરે છે? જ્યારે એક યુઝર્સે લખ્યુ છે કે આ કપડા પણ કાઢી દઈશ તો વધારે લાઈક્સ આવશે. આમ એક પછી એક તસવીરો જોઈને તમે પણ પાણી-પાણી થઈ જશો. તમન્ના ભાટિયા હાલમાં ટ્રોલ થઈ છે. જો કે એને કોઈ ફરક પડતો નતી. તમિન્ના ભાટિયાને ઘણી વાર વિજય વર્માનું નામ લઈને નિશાન બનાવવામાં આવે છે.



# રણબીર-રશ્મિકા એકબીજાને કિસ કરતો વિડીયો વાયરલ

સંદીપ રેડ્ડી વાંગાની એનિમલ ફિલ્મ વર્ષ ૨૦૨૩ની એક જબરજસ્ત બ્લોકબસ્ટર ફિલ્મોમાંથી એક છે. આ ફિલ્મના સ્ટાર કાસ્ટને દર્શકોનો ખૂબ પ્રેમ મળ્યો. રણબીર કપૂર-રશ્મિકા મંદાના અને એનિમલ મુવીમાં બીજા સ્ટારકાસ્ટે જે રોલ પ્લે કર્યો એ લોકોએ રાતોરાત સ્ટારડમ હાસિલ કર્યુ. તૃપ્તિ ડિમરી જે રાતોરાત નેશનલ ક્રશ બની ગઈ. એનિમલ મુવીની સકસેસ પાર્ટીમાં જશ્ન મનાવવા માટે ફિલ્મ નિર્માતાઓએ શનિવારના રોજ કારપેટ પાર્ટીનું આયોજન કર્યુ હતુ. એનિમલ મુવીની સકસેસ પાર્ટીમાં રણબીર કપૂર-રશ્મિકા મંદાનાને કિસ કરતા જોવા મળી રહ્યા છે. આ વિડીયો હાલમાં સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહ્યો છે. એનિમલ મુવીની સકસેસ પાર્ટીમાં પૂરી કાસ્ટ, ક્રૂ મેમ્બર, બોલિવૂડ અને ટીવીની અનેક હસ્તીઓ હાજર રહી હતી. હૈદરાબાદથી આવતા રશ્મિકા મંદાનાએ પાર્ટીમાં સ્ટાઈલિશ રીતે એન્ટ્રી કરી હતી. રશ્મિકા મંદાના પુષ્પા ૨ના એક ગીતના શૂટિંગમાં વ્યસ્ત હતી. પોતાના બિઝી શેડ્યુલ પછી પણ એનિમલની સકસેસ પાર્ટીમાં પહોંચી હતી. નેશનલ ક્રશ રશ્મિકા મંદાનાએ જેવી એન્ટ્રી મારી એમ રણબીર કપૂર એની પાસે ગયા અને એમને એનિમલની સકસેસ પાર્ટીમાં પહોંચી. નેશનલ ક્રશ રશ્મિકા મંદાનાએ જેવી એન્ટ્રી મારી એમ રણબીર કપૂરની પાસે ગઈ અને કોરિયાઈ સ્ટાઈલ જોવા મળી. એક્ટ્રેસ સામાન્ય રીતે કોરિયન સ્ટાઈલમાં મસ્ત અંદાજમાં જોવા મળી. આ બન્ને વચ્ચેની પ્રેમભરી કેમિસ્ટ્રી પણ જોવા મળી. રણબીર કપૂર, બોબી દેઓલ અને રશ્મિકા મંદાનાની ફિલ્મ એનિમલ મુવીની સકસેસ પાર્ટીમાં રણબીર કપૂર-રશ્મિકા મંદાનાને ગળે લગાવીને ગાલ પર કિસ કરતા જોવા મળ્યા. ત્યારબાદ અભિનેત્રીએ બીજા અન્ય કલાકારો સાથે પણ મુલાકાત કરતી જોવા મળી. ફિલ્મની આ ગ્રાન્ડ સકસેસને જોતા મુંબઈમાં મેકર્સની જેમ એક સકસેસ પાર્ટીને આયોજિત કરી. આ દરમિયાન રણબીર કપૂર એના પૂરા પરિવાર સાથે એનિમલ મુવીમાં સકસેસ પાર્ટીમાં પહોંચ્યા હતા.

# ઝાલોદ નગરમાં ચોરી કરતા ઇસમોનો પોલીસને ખુલ્લો પડકાર : નગરમાં વધતા ચોરીના બનાવો

## બાઇક ચોરી, ધોળે દિવસે મહિલાના ગળામાંથી ચેન ચોરી અને હવે ગેરેજની દુકાનની બહારથી રાત્રી દરમ્યાન માલ સામાનની ચોરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ નગરમાં ચોરો બિન્દાસ રીતે ચોરી કરી રહ્યાના બનાવો દિન પ્રતિદિન વધી રહેલ છે. ચોરી કરનાર અજાણ્યા શખ્સોને પોલીસનો કોઈ ડર નહી હોય તેમ પોલીસને પડકાર ફેંકતા હોય તેમ ચોરીના બનાવો બની રહેલ છે. થોડા દિવસો પહેલા મહિલાના ગળામાંથી અછોડો તોડી દીન દહાડે બે બાઈક સવાર અજાણ્યા લોકો નાશી છુટેલ ત્યાર બાદ બસ સ્ટેશન વિસ્તાર માથી સાંજના સમયે બાઈક ચોરીનો બનાવ તેમજ હાલ ત્રીજો બનાવ હુંઠી કંકાસિયા રોડ પર ગાડીઓનું રેપૈરીંગ કરી ગુજરાન ચલાવનાર દુકાનદારની દુકાન બહાર પડેલ ગાડીઓનું રેપૈરીંગનો સામાન રાત્રી દરમ્યાન ચોરી કરી અજાણ્યા શખ્શો ફરાર થઈ ગયેલ છે.

ઝાલોદ હુંઠી કંકાસિયા રોડ પર ભગીરથ સોસાયટીની સામે દાહોદ થી મુસ્તાક અબ્દુલભાઈ આવી રોજીંદા પોતાનું ગાડી રીપૈરીંગનુ ગેરેજ ચલાવે છે. મોટી ગાડીનો બધો રેપૈરીંગનો સામાન દુકાનમાં મૂકી ન શકવાના લીધે વધુ પડતો માલ દુકાનની બહાર પડી રહેતો હતો. આ તકનો લાભ જોઈ અજાણ્યા ચોરો દ્વારા દુકાન બહાર પડી રહેલ છૂટ્ટો સામાન રાત્રી દરમ્યાન એક ગાડીમાં ભરી લઈ ગયેલ હોય તેવું લાગી રહેલ છે. સી.સી. ટી.વી. કુટેજમાં અજાણ્યા વાહન જણાય છે અને તે વાહનમાં માલ ભરી લઈ ગયેલ હોવાની શંકા થઈ રહેલ છે. એક અંદાજીત રકમ મુજબ ૩૦૦૦૦૦ રૂપિયાનો સામાન ચોરી કરીને અજાણ્યા ચોરો નાશી ગયેલ છે તેવી ચર્ચા નગરમાં ચર્ચાઈ રહેલ છે. નગરમાં બાઈક ચોરીના બનાવો દિન પ્રતિદિન ખૂબ મોટા પ્રમાણમાં વધી રહેલ છે. પરંતુ આવી ચોરીની ઘટના પોલિસ સ્ટેશન ખાતે એફ.આઈ. આર જોવા મળતી નથી તેમજ ચોરીની ઘટના ફક્ત જાણવાજોગ મુજબની અરજીઓ પર જ જોવા મળે છે. નગરમાં વધતી ચોરીમાં કોઈ ચોરો પકડાતા નથી તો પોલીસની સામે ચોરો પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે.

# અમદાવાદ સ્થિત CBSE સ્કૂલ Divyapathમાં મેગા એક્સેલ કાર્નિવલનું ભવ્ય આયોજન



। અમદાવાદ, તા.૮ ।

મેમનગર સ્થિત સીબીએસઈ સ્કૂલ,દિવ્યપથ કેમ્પસ ખાતે ગૌરવ પૂર્વક મેગા એક્સેલ કાર્નિવલ ૨૦૨૩-૨૪ ‘‘વિરાસત’’નું આયોજન કરવામાં આવ્યું. જેમાં અમદાવાદના સમૃદ્ધ ઐતિહાસિક વારસો તેમજ સંસ્કૃતિ અને ભવિષ્યનું અમદાવાદ નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ કાર્નિવલ ૧૫મી સદીથી આજના દિવસ સુધીની અમદાવાદની મનમોહક સફરનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં સદીઓથી થયેલા શહેરના પરિવર્તનનો સમાવિષ્ટ કરવામાં આવ્યો હતો. કાર્નિવલમા પરંપરાગત નૃત્ય જેમ કે, આદિવાસી નૃત્ય, ટિપ્પણી નૃત્ય અને રંગલા રંગલીના જીવંત પ્રદર્શન સાથે કલા, ખેલ તેમજ સાંસ્કૃતિક ઘટના વગેરે ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કરે છે. સમાજ પર સામાજિક મીડિયાની અસર સહિત સમકાલીન વિષયોને પ્રતિબિંબિત કરતા વિચાર-પ્રેરક નાટકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. અમદાવાદ શહેરના સમૃદ્ધ ઐતિહાસિક વારસાને યાદ કરવા અને આગળ રહેલી અનંત ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવા માટે એકસાથે બધા કટિબદ્ધ બનવાનો સુંદર સંદેશો આ કાર્નિવલ દ્વારા અપાયો હતો.

### અર્ચના વિદ્યા નિકેતન શાળાને વર્લ્ડ રેકોર્ડ પ્રમાણપત્ર એનાયત

# વાલીઓ માટે યોજાયો પેરેંટિંગ સેમિનાર યહ અવસર ના મિલેગા દોબારા









## વરાછાની અર્ચના વિદ્યા નિકેતન શ્રીમદ ભગવત ગીતાના શ્લોકોનું પારાયણ કરી વિશ્વ વિક્રમ બનાવ્યો

। વરાછા, તા.૮ ।

વરાછા કમલ પાર્ક સ્થિત સંકલ્પ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત અર્ચના વિદ્યા નિકેતન શાળા દ્વારા યહ અવસર ના મિલેગા દોબારા કાર્યક્ર્મ અંતર્ગત ભગવત વર્લ્ડ રેકોર્ડ પ્રમાણપત્ર એનાયત, બેસ્ટ અજ્યુકેટર એવોર્ડ અને વાલીઓ માટે પેરેંટિંગ સેમિનાર યોજાયો. જેમાં મુખ્ય વક્તા મનીષભાઈ વઘાસિયા દ્વારા વાલીઓ અને વિદ્યાર્થીઓને ખુબજ પ્રેરણાત્મક પ્રવચન આપવામાં આવ્યું. પોતાના વકતવ્ય દરમિયાન ભાવુક વાણી દ્વારા આવેલ તમામ વાલીઓ અને વિદ્યાર્થીઓના આંખોમાંથી આંસુ આવી ગયા હતા. કાર્યક્રમમાં અર્ચના વિદ્યા નિકેતન શાળા, ડૉ.શ્રીનિવાસ મિટકુલ, જીગ્નેશભાઈ કચ્છી, નવોદય વિદ્યાલયના શિવલાલ સરને અમેઝિંગ યુનિવર્સલ વર્લ્ડ રેકોર્ડના ડાયરેક્ટર અશ્વિન સુદાણી અને ડેપ્યુટી મેયર ડૉ નરેન્દ્ર પાટીલના હસ્તે ભગવત ગીતા વર્લ્ડ રેકોર્ડ પ્રમાણપત્ર આપવામાં આવ્યું. શાળાના પ્રમુખશ્રી ધીરજલાલ પરડવા અને નિયામકશ્રી ચંદુભાઈ ભાલીયાને ડેપ્યુટી મેયર ડૉ.નરેન્દ્ર પાટીલના હસ્તે ડોકટરેટની પદવી આપી સન્માનિત કરવામાં આવ્યા. માઉથ એન્ડ લેગ આર્ટિસ્ટ મનોજ ભિંગારે ને સરદાર પટેલ જયંતિ નિમિત્તે ભારતીય ધરોહર પર સતત ૧૫ કલાક પેન્ટિંગ કરી વિશ્વ વિક્રમ બનાવ્યો તે માટે પણ સન્માનિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ ડેપ્યુટી મેયર ડૉ.નરેન્દ્ર પાટીલ, રેડ & વાઈટના CEO હસમુખભાઈ, બેસ્ટ ટીચર નુરોદિન શાહ, દિલીપભાઈ બૂહા, રમેશભાઈ નકુમ, જયેશભાઈ, એલગમ શ્રીનિવાસ, માતેટી સોમન્ના, કુસુમ વર્મા, નરેશ કવાડની વિશેષ ઉપસ્થિતિ કાર્યક્રમમાં જોવા મળી.કાર્યક્રમનું સમગ્ર સંચાલન ચિરાગ કાનાણી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિશેષ સહયોગ રેડ & વાઈટ તેમજ સિરવી સમાજ વાડી સુરતનો રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમ શાળાના પ્રમુખશ્રી ડૉ ધીરજલાલ પરડવા, ટ્રસ્ટીશ્રી દિવ્યેશભાઈ પરડવા નિયામકશ્રી ડૉ. ચંદુભાઈ ભાલીયા અને શાળાના આચાર્યશ્રી ડૉ. રજીતા તુમ્માના માર્ગદર્શન નીચે ખૂબ સારી રીતે સંપન્ન થયો.

# વડોદરાને ડ્રગ્સમુક્ત અને સ્વચ્છતાયુક્ત બનાવવા માટે સૌ યુવાનો અને શહેરીજનો સંકલ્પબદ્ધ બને : ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી



। (માહિતી) વડોદરા, તા.૮ ।

વડોદરા મેરેથોનમાં સહભાગી થયેલા શહેરીજનોનો ઉત્સાહ વધારતા ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ રવિવારની વહેલી સવારે વડોદરા મેરેથોનની અગિયારમી કડીનો પ્રારંભ કરાવ્યો હતો.સ્વાસ્થ્ય માટે વડોદરાના શહેરીજનોની આ મેરેથોનમાં ઉત્સાહ પૂર્ણ ભાગીદારી નિહાળીને ગૃહ રાજ્ય મંત્રી અભિભૂત થયા હતા. ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ વડોદરા મેરેથોનને ફલેગ ઓફ કરાવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય મેરેથોન દોડમાં વડોદરામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ૧.૩૪ લાખથી વધુ દોડવીરોએ ભાગ લીધો હતો. જેમાં વિશ્વના દેશોમાં આશરે ૪૦ એથ્લેટ્સ મેરેથોનમાં ભાગ લીધો હતો. અહીં ૧૨ હજારથી વધુ ટાઈમ રનર્સ દ્વારા તાડાસન કરી વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો હતો. ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ વડોદરાને ડ્રગ્સમુક્ત અને સ્વચ્છતાયુક્ત બનાવવા માટે સૌ યુવાનો અને શહેરીજનોને સંકલ્પબદ્ધ થવા હાકલ કરી હતી.શહેરને સાફ સુથરૂ રાખવા એક જાગૃત નાગરિક તરીકે આપને સૌ કચરો આમતેમ ફેંકશું નહી, ત્યારે શહેરને રાત દિવસ મહેનત કરી ચોખ્ખું રાખતા સફાઈ સેવકોને રાહત મળશે. ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે વડોદરા શહેરે આજે એક ઈતિહાસ રચ્યો છે. ગુજરાતના ખૂણે ખૂણે દરરોજ એક નવા વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત થઈ રહ્યા છે.વર્ષ ૨૦૨૪ના પ્રારભે સૂર્ય નમસ્કાર અને આજે વડોદરમાં ૧.૩૪ લાખથી વધારે વડોદરાવાસીઓ એક સાથે મળીને આટલી ઠંડીમાં જાગીને વડોદરાના ખૂણે ખૂણેથી આવી દોડવાની શરૂઆત કરી છે. તેમણે વડોદરાવાસીઓને અભિનંદન આપ્યા હતા.તેમણે કહ્યું કે, વડોદરાના શહેરીજનોનો મેરેથોન પ્રત્યેનો ઉત્સાહ અદમ્ય છે. જે વાત જ નાગરિકોની પોતાના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી પ્રત્યેની ખેવના દર્શાવે છે. આ મેરેથોન ગુજરાતની સૌથી મોટી હેરિટેજ મેરેથોન છે અને તેમાં પ્લેજ રનર (સંકલ્પ દોડવીરો) પણ જોડાયા હતા. તેઓ વિવિધ સામાજિક કાર્યોના સંદેશ સાથે ચેરિટી માટે દોડ્યા હતા. આ મેરેથોન ‘સસ્ટેનેબિલિટી’ની થીમ સાથે યોજાઈ હતી. આ મેરેથોનમાં ફૂલ મેરેથોન, હાફ મેરેથોન, ૧૦ કિમી, ૫ કિમી ટાઈમ રન દોડમાં ૧.૩૪ લાખથી વધુ રનર્સે ભાગ લીધો હતો. આ રનર્સ શહેરના વિવિધ જૂની અને જાણીતી હેરિટેજ ઈમારતો પાસેથી ૫સાર થતાં રૂટ પર આ દોડ યોજાઈ હતી. બેંડની સુરાવલી વચ્ચે મેરેથોન પ્રારંભ થતાંથી સાથે જ મુખ્ય મંચ સામેથી પસાર થઈ રહેલા રમતવીરોએ હર્ષનાદ સાથે ગૃહ મંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. ગૃહ મંત્રીશ્રીએ આ દોડવીરોનું ભાવપૂર્વક અભિવાન ઝીલ્યું હતું.

# થરા-ટોટાણા રોડ પર આંબલી વાસ નજીક મારૂતિ-રીક્ષા વચ્ચે અકસ્માત : ચારને ઇજા

## ચાર ઇજાગ્રસ્તો પૈકી બેની હાલત ગંભીર, ધારપુર ખસેડાયા







તસ્વીર : યશપાલસિંહ વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૮ ।

કાંકરેજ તાલુકાના થરાથી ટોટાણા રોડ ઉપર આંબલીવાસ નજીક સર્જાયેલા મારુતિ એસ્ટીમ કાર અને ઓટો રિક્ષા વચ્ચે થયેલ અકસ્માતમાં ચાર લોકો ઈજાગ્રસ્ત થયેલ તમામને થરા રેફરલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. જોકે બે લોકોની હાલત ગંભીર જણાતાં તેમને વધુ સારવાર અર્થ પાટણ ધારપુર ખાતે ખસેડાયા હોવાનું જાણવા મળે છે.

કાંકરેજ તાલુકામાં અકસ્માતનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. રવિવારે થરા—ટોટાણા હારીજ સ્ટેટ હાઈવે રોડ ઉપર શિયા ગામથી થરા તરફ આવતી રીક્ષાને ટોટાણા તરફ જઈ રહેલ મારુતિ ઈસ્ટીમ કાર નં. જી.જે.8 CK 7918 ટક્કર મારતા અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટયા હતાં. બનાવની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને થરા સરકારી રેફરલહોસ્પિટલખાતે સારવાર અર્થે ખસેડયા હતા જોકે બે લોકોની હાલત ગંભીર જણાતાં તેમને વધુ સારવાર અર્થે ધારપુર હોસ્પિટલ ખસેડાયા હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

# નવસારીના સુપા ખાતે આવેલી ગુરુકુલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ જિલ્લાકક્ષાના કલા મહાકુંભમાં ઝળક્યા

। (માહિતી) સુરત, તા.૮ ।

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશનર, યુવક સેવા અને સાંસકૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી, નવસારી દ્વારા દર વર્ષે યુવા પ્રતિભાને પ્લેટફોર્મ આપવા માટે કલા મહાકુંભ યોજાય છે નવસારી જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ શ્રી સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ નવસારી ખાતે યોજાયો હતો.



નવસારીના સુપા ખાતે આવેલી ગુરુકુલ વિદ્યામંદિરના બાળ કલાકારોએ જુદી જુદી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં લોક વાર્તા બ વિભાગમાં ધોરણ ૧૦ નો વિદ્યાર્થી સૂર્યવંશી જય દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. શાળાનું સ્કુલ બેન્ડે અ વિભાગમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. શાળા સ્કુલ બેન્ડમાં મુખ્ય ભાગીદારી નિહારભટ્ટ અને વિરાજ વેલાણીની રહી હતી. શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ પણ સર્જનાત્મક પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત ગુરુકુલ સભા સંચાલિત ગુરુકુલ વિદ્યામંદિર સૂપા શતાબ્દી મહોત્સવ ઉજવી રહ્યું છે ત્યારે રમત ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઋષિ પરંપરાથી કાર્યરત શિક્ષણ પ્રણાલીથી સમગ્ર પંથકમાં નામના પ્રાપ્ત કરી રહ્યું છે. ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા સૂર્યવંશી જયને તૈયારી કરાવનાર મદદનીશ શિક્ષિકા શ્રીમતી આરતીબેન પંડ્યાને અને સ્કુલ બેન્ડ ની તૈયારી કરનાર અધિષ્ઠાતા પ્રતીક ભાઈને મુખ્યાધિષ્ઠાતા ચંદ્રગુપ્તજી અને સહ મુખ્યાધિષ્ઠાતા સુરેશભાઈ રત્નાણીએ અભિનંદન આપ્યા હતા ગુજરાત ગુરુકુલ સભાના પદાધિકારીઓએ પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

# વડાપ્રધાન મોદીએ નવી પદ્ધતિઓ અપનાવવા બદલ આંધ્રપ્રદેશમાં ૧૦૨ વર્ષ જૂના સહકારી જૂથની પ્રશંસા કરી

। નવી દિલ્હી, તા.૮ ।

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનાં લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો અને સ્થાનિક સ્તરના પ્રતિનિધિઓ સહિત દેશભરના હજારો વિકસિત ભારત સંકલ્પ યાત્રાના લાભાર્થીઓ જોડાયા હતા.

નંદિયાલાના સઈદ ખ્વાજા મુઈહુદીન, ૧૦૨ વર્ષ જૂના સહકારી જૂથ, આંધ્રપ્રદેશના સભ્યએ, પ્રધાનમંત્રીને માહિતી આપી હતી કે વર્તમાન સરકારની પહેલ પછી જ નાબાર્ડે જૂથને એગ્રિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળ સ્ટોરેજ માટે ત્રણ કરોડ રૂપિયાની લોન ઓફર કરી હતી. આનાથી આ જૂથ પાંચ ગોડાઉનો બનાવવામાં સક્ષમ બન્યું. જે ખેડૂતો પોતાનું અનાજ રાખે છે તેમને ઈલેક્ટ્રોનિક નેગોશિયેબલ વેરહાઉસ રસીદો મળે છે, જેનાથી તેઓ બેંકો પાસેથી ઓછા વ્યાજની લોન મેળવી શકે છે. બહુહેતુક સુવિધા કેન્દ્ર ખેડૂતોને ઈ-મંડીઓ અને ઈ-નામ સાથે જોડે છે, જે ખેડૂતોને તેમના ઉત્પાદન માટે શ્રેષ્ઠ કિંમતો સુનિશ્ચિત કરે છે. આ વચેટિયાને સંપૂર્ણપણે નાબૂદ કરે છે, એમ તેમણે કહ્યું હતું. તેમના જૂથમાં મહિલા ખેડુતો અને નાના ઉદ્યોગપતિઓ સહિત ૫૬૦૦ ખેડુતોનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ ૧૦૦ વર્ષથી વધારે સમયથી એક સમૂહને ચલાવવા માટે સ્થાનિક ખેડૂતોનાં જુસ્સાને સલામ કરી હતી. પ્રધાનમંત્રીને જણાવવામાં આવ્યું હતું કે, સ્થાનિક ખેડૂતોને સહકારી બેંકો મારફતે એગ્રિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની જાણકારી મળી છે અને રજિસ્ટ્રાર અને સ્ટોરેજને કારણે નાના ખેડૂતો શક્ય તેટલી શ્રેષ્ઠ કિંમતે તેમની ઉપજને પકડી રાખી શકે છે. ઉદ્યોગસાહસિકે માહિતી આપી હતી કે છેલ્લા ૧૦ વર્ષની પહેલથી તેમના કાર્યમાં ખરેખર પરિવર્તન આવ્યું છે કારણ કે તેઓ કિસાન સમૃદ્ધિ કેન્દ્ર પણ ચલાવી રહ્યા છે, તેઓ સરકાર દ્વારા સ્થાપિત ઘણી સુવિધાઓ પૂરી પાડી રહ્યા છે જેમ કે કિસાન ક્રેડિટ કાર્ડ અને એફપીઓ દ્વારા મૂલ્ય સંવર્ધન.

કુદરતી ખેતીના ટ્રેન્ડ પર ચર્ચા કરતા પ્રધાનમંત્રીએ ખેડૂતોને ખાતરના ઉપયોગ પર નિયંત્રણ રાખવા જણાવ્યું હતું, કારણ કે ઘણા લોકો યુરિયાના વપરાશમાં નેનો યુરિયા ઉમેરી રહ્યા છે. પ્રધાનમંત્રીને જણાવવામાં આવ્યું હતું કે, ખેડૂતોમાં સતત જાગૃતિ લાવવામાં આવી રહી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. દિવસના ઉત્તરાર્ધમાં તમને આરામ કરવાનું અને પરિવારના સભ્યો સાથે સમય વિતાવવાનું ગમશે. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે. વેપારી જેટલું હોય પોતાના વેપાર થી સંકળાયેલી વાતો કોઈ ની જોડે શેર ના કરે જો તમે આવું કરો છો તો તમે મોટી મુશ્કેલી માં પડી શકો છો?

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. રૉમાન્સની શક્યતા છે પણ શારીરિક લાગણીઓ જાગી શકે છે અને તેને કારણે તમારો સંબંધ બગડવાની શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય. કેટલાક માટે લગ્નની શરણાઈના સૂર સંભળાય છે તો કેટલાકને રૉમા મળવાથી તેમનો જુસ્સો વધશે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? બાળકો વધુ ધ્યાનની માગ કરશે-પણ તેઓ સહાયક અને દેખભાળભર્યું વર્તન કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. અન્યોના સૂચનોને સાંભળવા તથા તેના પર અમલ કરવો મહત્વનું સાબિત થાય એવો દિવસ. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. તમારા માતા-પિતા તેમનું વચન ન પાળે તે હતાશ થતા નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

# પાસવર્ડ વગર પણ હેકર્સ કરી શકે છે તમારા Google એકાઉન્ટનો ઉપયોગ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

મોબાઈલ, ટીવી, કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની આ દુનિયામાં લોકો માટે જેટલી સુવિધાઓ વધી છે તેટલી જ મુશ્કેલીઓ પણ વધી છે. ઓનલાઈન યુઝર્સની સૌથી મોટી મુશ્કેલી અને સમસ્યા સાયબર ક્રાઈમથી સુરક્ષિત રહેવાની છે. સાયબર ગુનેગારો દરરોજ ઈન્ટરનેટ વપરાશકર્તાઓની ગોપનીયતાને હેક કરવાના રસ્તાઓ શોધતા રહે છે. આ વખતે પણ કંઈક આવું જ થયું છે. સાયબર ગુનેગારોએ એક એવી પદ્ધતિ શોધી કાઢી છે જેની મદદથી તેઓ પાસવર્ડ વગર પણ કોઈપણ યુઝરના ગૂગલ એકાઉન્ટને એક્સેસ કરી શકે છે. જો યુઝર્સ તેમના ગૂગલ એકાઉન્ટનો પાસવર્ડ રીસેટ કરે છે, તો પણ હેકર્સ યુઝર્સના ગૂગલ એકાઉન્ટને એક્સેસ કરી શકશે. કોઈપણ વપરાશકર્તા માટે આ એક મોટો ખતરો છે, કારણ કે આજના આધુનિક યુગમાં, મોટાભાગના લોકો તેમના તમામ અંગત ડેટા અને પાસવર્ડ તેમના ઈમેઈલ એકાઉન્ટમાં સાચવે છે. આવી સ્થિતિમાં, જો હેકર્સ પાસવર્ડ વિના લોકોના ઈમેઈલ એકાઉન્ટનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે, તો સમગ્ર વિશ્વની ગોપનીયતા જોખમમાં આવી શકે છે. ધ ઈન્ડિપેન્ડન્ટના રિપોર્ટ અનુસાર, સિક્યોરિટી ફર્મ CloudSEK એ સાયબર ક્રાઈમની આ નવી પદ્ધતિનું વિશ્લેષણ કર્યું છે. વધુમાં, આ મુદ્દો પહેલીવાર પ્રકાશમાં આવ્યો જ્યારે હેકરે ઓક્ટોબર ૨૦૨૩ માં ટેલિગ્રામ ચેનલ પર તેના વિશે પોસ્ટ કર્યું. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે થર્ડ પાર્ટી કૂકીઝમાં ભૂલોને કારણે હેકર્સ કેવી રીતે યુઝર્સના ગૂગલ એકાઉન્ટ્સ સુધી પહોંચી શકે છે. તમને જણાવી દઈએ કે વેબસાઈટ અને બ્રાઉઝર દ્વારા થર્ડ પાર્ટી કુકીઝનો ઉપયોગ યુઝર્સને ટ્રેક કરવા અને તેમની જરૂરિયાત મુજબ જાહેરાતો બતાવવા માટે કરવામાં આવે છે, પરંતુ હવે આ થર્ડ પાર્ટી કૂકીઝ યુઝર માટે ખતરો બની રહી છે. આ સિવાય ગૂગલ કૂકીઝની મદદથી યુઝર્સના પાસવર્ડ સેવ કરે છે જેથી તેઓ આગલી વખતે લોગીન થાય ત્યારે ફરીથી પાસવર્ડ નાખવાની જરૂર ન પડે. પરંતુ હેકરોએ ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશનને બાયપાસ કરવાનો રસ્તો શોધી કાઢ્યો છે. ક્લાઉડસેકના બ્લોગપોસ્ટમાં જણાવાયું છે કે, સાયબર ક્રાઈમની આ નવી પદ્ધતિને કારણે હેકર્સ ગૂગલ એકાઉન્ટનો પાસવર્ડ રીસેટ કર્યા પછી પણ યુઝર્સના ગૂગલ એકાઉન્ટનો ઉપયોગ કરી શકશે.

# રામલલા સાથે નહીં હોય સીતા માતાની પ્રતિમા

## રામલલા મંદિરમાં શ્રી રામજીની 3 મૂર્તિઓ આવી છે. જેમાંથી ૨ પ્રતિમાઓ કાળા પથ્થરની છે, જે દક્ષિણના શિલ્પકારો દ્વારા બનાવવામાં આવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભગવાન શ્રી રામને જ્યારે આપણે યાદ કરીએ છીએ, ત્યારે આપણા મોંમાંથી હંમેશા ''જય સિયા રામ'' નીકળે છે. પરંતુ અયોધ્યામાં રામ જન્મ ભૂમિ પર બની રહેલા ભવ્ય રામ મંદિરમાં તમને શ્રી રામજીની પ્રતિમા જોવા મળશે, પરંતુ તમે તેમની સાથે દેવી સીતાના દર્શન કરી શકશો નહીં. આનાથી તમામ રામ ભક્તોના મન વ્યથિત થઈ ગયા છે. ઘણા લોકોએ એવો પણ અનુરોધ કર્યો છે કે દેવી સીતા વિના શ્રી રામ મંદિરમાં અધૂરા દેખાશે, તેથી શ્રી રામની સાથે દેવી સીતાની પ્રતિમા પણ સ્થાપિત કરવી જોઈએ. પરંતુ આવું થવા પાછળ એક ખાસ કારણ આપવામાં આવ્યું છે.

ખરેખર અયોધ્યામાં બની રહેલા શ્રી રામ મંદિરમાં યુવા શ્રી રામજીની પ્રતિમા નહીં રાખવામાં આવે, પરંતુ શ્રી રામ જ્યારે ૫ વર્ષના હતા તે સમયની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. શ્રી રામજીના લગ્ન આ ઉંમરે દેવી સીતા સાથે થયા ન હતા. તેથી, દેવી સીતા મંદિરના ગર્ભગૃહમાં શ્રી રામ સાથે રહેશે નહીં. પરંતુ એવું નથી કે મંદિર પરિસરમાં તમને સીતા માતાના ક્યાંય દર્શન કરવા નહીં મળે. રામલલા મંદિરમાં શ્રી રામજીની ૩ મૂર્તિઓ આવી છે. જેમાંથી ૨ પ્રતિમાઓ કાળા પથ્થરની છે, જે દક્ષિણના શિલ્પકારો દ્વારા બનાવવામાં આવી છે અને ૧ પ્રતિમા આરસના પથ્થરની છે.

આ પ્રતિમા રાજસ્થાનના એક શિલ્પકાર દ્વારા બનાવવામાં આવી છે. આ ત્રણેય મૂર્તિઓ મંદિરના ત્રણેય વિભાગોમાં બનેલા મંદિરોમાં સ્થાપિત કરવામાં આવશે, પરંતુ ગર્ભગૃહમાં કઈ મૂર્તિની સ્થાપના કરવામાં આવશે તેનો નિર્ણય કાશીના આચાર્ય ગણેશ્વર શાસ્ત્રી ૨૨મી જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે લેશે. પ્રતિષ્ઠા. આ ઉપરાંત મંદિર પરિસરમાં અન્ય ઘણા મંદિરો હશે, જેમાં શ્રી રામજીના ત્રણ ભાઈઓ ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્નજીનું મંદિર હશે. એટલું જ નહીં આ મંદિરમાં અન્ય ૧૩ મંદિરો પણ હશે. તેમાં ભગવાન સૂર્ય, ભગવાન શિવ, માતા સીતા, ગણપતિજી, જટાયુ, હનુમાનજી, ઋષિ વાલ્મીકિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, અગસ્ત્ય, શબરી, નિષાદ રાજ અને દેવી અહિલ્યાના મંદિરો પણ હશે. જો કે આ મંદિરોનું નિર્માણ કાર્ય હજુ પૂર્ણ થયું નથી, પરંતુ આ મંદિરો ટૂંક સમયમાં તૈયાર થઈ જશે. રામલલા મંદિર ઉપરાંત, તમને અયોધ્યામાં વિવિધ સ્થળોએ રામજીના મંદિરો જોવા મળશે જ્યાં તમે દેવી સીતાના દર્શન કરી શકશો. એટલું જ નહીં, અયોધ્યામાં કનક ભવન છે, જેને સીતાજીનો મહેલ પણ કહેવામાં આવે છે. એવું કહેવાય છે કે રાજા દશરથની મધ્ય પત્ની દેવી કૈકેયીએ આ મહેલ તેમના પ્રિય પુત્ર શ્રી રામની વધુ સીતાજીને ભેટમાં આપ્યો હતો અને લગ્ન પછી શ્રી રામ અને સીતાજી આ મહેલમાં રહેતા હતા.ત્રેતાયુગમાં આ મહેલ હતો. મહેલમાં કોઈપણ પુરુષને પ્રવેશવાની મનાઈ હતી, પરંતુ શ્રી રામ અને શ્રી હનુમાનજી આ મહેલમાં આવી શકતા હતા. આ મહેલનું નિર્માણ દેવતાઓના શિલ્પકાર વિશ્વકર્માજીએ કરાવ્યું હતું. આ મહેલની અંદર શ્રી રામ અને સીતાજીનું મંદિર છે. શ્રી રામ અને દેવી સીતાના વિવાહ હિંદુ ધર્મમાં માર્ગશીર્ષ મહિનાના શુક્લ પક્ષની પાંચમના દિવસે થયા હતા. લગ્ન સમયે દેવી સીતાની ઉંમર ૧૮ વર્ષની હતી અને શ્રી રામની ઉંમર ૨૭ વર્ષની હતી. કદાચ આ જ કારણ છે કે રામ જન્મભૂમિ પર બની રહેલા રામલલા મંદિરમાં શ્રી રામજીની બાળપણની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી રહી છે.

### રામ મંદિરના ઉદ્‌ઘાટનને કારણે ડ્રાય ડે જાહેર કરવામાં આવ્યો

**૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરના ઉદ્‌ઘાટનને લઈને સમગ્ર દેશમાં એક અલગ પ્રકારનો માહોલ જોવા મળી રહ્યો છે. તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ સંદર્ભમાં આસામ સરકારે મોટો નિર્ણય લીધો છે. અહીં સરકારે ૨૨ જાન્યુઆરીને ડ્રાય ડે તરીકે જાહેર કર્યો છે. એટલે કે આ દિવસે રાજ્યમાં દારૂની દુકાનો બંધ રહેશે અને દારૂના વેચાણ પર પ્રતિબંધ રહેશે. આસામના એક મંત્રીએ આ જાણકારી આપી છે. પર્યટન મંત્રી જયંત મલ્લ બરુઆએ જણાવ્યું હતું કે, ''મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે રામ મંદિર ઉદ્‌ઘાટન પ્રસંગે રાજ્યમાં ડ્રાય ડે રહેશે. તમને જણાવી દઈએ કે અયોધ્યામાં આયોજિત આ સમારોહમાં પીએમ નરેન્દ્ર મોદી, એનડીએ શાસિત રાજ્યોના ઘણા મુખ્યમંત્રીઓ અને ૬૦૦૦ થી વધુ લોકો આવવાની આશા છે. જ્યારે સરકાર કોઈપણ ખાસ તહેવાર કે વિશેષ પ્રસંગે સમગ્ર રાજ્યમાં દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકે છે ત્યારે તે દિવસને ડ્રાય ડે કહેવામાં આવે છે. ડ્રાય ડે પર દારૂના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આ નિયમનો ભંગ કરનાર દુકાનદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. ૧૯૬૨માં પંજાબના આબકારી કાયદામાં સૌપ્રથમ ડ્રાય ડેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બાદમાં, કેન્દ્ર સરકારે ૧૯૫૦ માં તેને સમગ્ર ભારતમાં લાગુ કર્યું. જયંત મલ્લ બરુઆએ જણાવ્યું હતું કે, આ બેઠકમાં કેબિનેટે મિસિંગ, રાભા હાસોંગ અને તિવા સમુદાયોની નાણાકીય અને વહીવટી શક્તિઓને વધારવા માટે ત્રણ વિકાસ પરિષદોની રચના કરવાનો પણ નિર્ણય લીધો છે. "આ કાઉન્સિલ માટે મહત્તમ ભંડોળ મેળવવા માટે કેન્દ્રને દરખાસ્ત મોકલવામાં આવશે. જયંત મલ્લ બરુઆએ માહિતી આપી હતી કે ''આ ઉપરાંત, આ બેઠકમાં સરકારે સ્વ-સહાય જૂથો હેઠળ નોંધાયેલ મહિલાઓ માટે હાલની યોજના હેઠળ નાણાકીય પેકેજને મંજૂરી આપવાનો પણ નિર્ણય કર્યો છે. આ સાહસિક મહિલાઓને તેમના સાહસ માટે મદદરૂપ થશે. રાજ્યની લગભગ ૪૯ લાખ મહિલાઓ આ યોજના હેઠળ લાભ મેળવી શકે છે. તેમણે કહ્યું, કેબિનેટે ૪ લાખ રૂપિયાથી ઓછી વાર્ષિક આવક ધરાવતા સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને સામેલ કરવા માટે નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટના કવરેજને વિસ્તારવાનો નિર્ણય લીધો છે. એટલું જ નહીં, આ લોકોને આયુષ્માન ભારત યોજના હેઠળ ૫ લાખ રૂપિયાનો સ્વાસ્થ્ય વીમો પણ મળશે. અગાઉ આ લોકો આ માટે લાયક નહોતા કારણ કે તેઓ સરકારી કર્મચારી હતા.**

# સ્પેસમાંથી સમય વિભાજનની રેખા દેખાઈ

। નવી દિલ્હી, તા.૮ ।

દિવસમાં ચોવીસ કલાક હોય છે. જેમાં સવાર, દિવસ, સાંજ અને રાત્રિનો સમાવેશ થાય છે. આ સમય આપણા માટે સામાન્ય બની ગયો છે. જન્મથી જ આપણે બદલાતા સમયને જોઈએ છીએ. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે અવકાશમાંથી દિવસ અને રાત કેવી રીતે દેખાય છે? આજે અમે તમને તે રેખા બતાવીશું જે દિવસ અને રાતને વિભાજિત કરે છે. હા, આ રેખા અવકાશમાંથી સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ બતાવે છે કે પૃથ્વી પર દિવસ અને રાત કેવી રીતે વિભાજિત થાય છે? પૃથ્વી પર દિવસ અને રાત્રિને વિભાજિત કરતી રેખાને ટર્મિનેટર કહેવામાં આવે છે. આ રેખા અવકાશમાંથી કેવી દેખાય છે તે ચિત્રમાં બતાવવામાં આવ્યું છે. આનો એક વીડિયો પણ શેર કરવામાં આવ્યો હતો. ટર્મિનેટર એ એક કાલ્પનિક રેખા છે જે પૃથ્વી પરના દિવસ અને રાત્રિની સીમાને વિભાજિત કરે છે. આ લાઈન સતત ચાલુ રહે છે. આ રેખા પૃથ્વીના પરિભ્રમણ પ્રમાણે ફરે છે. જેના કારણે દિવસ અને રાત વિભાજીત થાય છે. આ ટર્મિનેટર લાઈનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. આ વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે કેવી રીતે દિવસ અને રાત્રિને વિભાજિત કરતી રેખા આખા દિવસ દરમિયાન અહીંથી ત્યાં સુધી જાય છે. આ રેખા ફરતી પૃથ્વી સાથે ફરે છે. ફોટોગ્રાફરો અને ખગોળશાસ્ત્રીઓને ટર્મિનેટર લાઈન ખૂબ ગમે છે. આ તેની સુંદરતાને કારણે થાય છે. સોશિયલ મીડિયા પર શેર કરોઃ આ વીડિયો જોયા પછી તમે પણ સમજી જશો કે અવકાશમાંથી કેવી રીતે દેખાય છે આ રેખા? સોશિયલ મીડિયા સાઈટ પર શેર કરાયેલા આ વીડિયોએ લોકોને ચોંકાવી દીધા છે. ઘણા લોકોએ તેને અદ્ભુત કહ્યું. પોતાનો અનુભવ શેર કરતા એક વ્યક્તિએ લખ્યું કે તે આ લાઈન ઉપરથી ઉડી ગય છે. એક તરફ દિવસ દેખાય છે અને બીજી બાજુ રાત દેખાય છે.

### માલદીવને મોટો ફટકો

# ભારતની દિગ્ગજ કંપનીએ તમામ ફ્લાઈટ રદ્દ કરી નાખી

## કંપનીના સહ-સ્થાપક અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર નિશાંત પિટ્ટીએ કહ્યું હતું કે માલદીવ માટે તમામ ફ્લાઈટ બુકિંગ રદ કરવામાં આવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

માલદીવ પોતે જ ભારત સાથેના સંબંધો બગાડવાની કોશિશ કરી રહ્યું છે. માલદીવના મંત્રીઓ દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણીઓ બાદ EaseMyTrip એ મોટો નિર્ણય લીધો છે. કંપનીના સહ-સ્થાપક અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર નિશાંત પિટ્ટીએ કહ્યું હતું કે માલદીવ માટે તમામ ફ્લાઈટ બુકિંગ રદ કરવામાં આવી છે. ભારતના સમર્થનમાં નિશાંત પિટ્ટીએ સોશિયલ મીડિયા સાઈટ ઠ પર લખ્યું હતું કે, 'આપણા દેશ સાથે એકતા દર્શાવતા EaseMyTrip એ માલદીવની તમામ ફ્લાઈટ બુકિંગ કેન્સલ કરી દીધી છે.' આ સાથે EaseMyTrip એ #ChaloLakshadweep અભિયાન શરૂ કર્યું છે. તમને જણાવી દઈએ કે મોદી પર માલદીવના નેતાઓના વિવાદાસ્પદ નિવેદનો બાદ ભારતમાં સોશિયલ મીડિયા પર #BoycottMaldives ટ્રેન્ડ કરી રહ્યું છે. અત્યાર સુધી હજારો લોકોએ માલદીવ જવાનો પ્લાન કેન્સલ કર્યો છે. ભારતમાંથી મોટી સંખ્યામાં લોકો માલદીવની મુલાકાત લે છે. આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે માલદીવના પ્રવાસનને મોટો ફટકો પડી શકે છે. નિશાંત પિટ્ટીએ ઠ પરની તેમની પોસ્ટમાં, આગળ લખ્યું હતું કે, 'લક્ષદ્વીપના પાણી અને દરિયાકિનારા માલદીવ જેટલા સારા છે.

### કેનેડાના સ્ટુડન્ટ વિઝા મેળવવા મુશ્કેલ

# ભારતીય વિદ્યાર્થીઓની ૪૦% અરજીઓ રિજેક્ટ

## બીજી તરફ એજન્ટો દ્વારા સ્ટુડન્ટને ગેરમાર્ગે દોરવાનું પ્રમાણ વધી ગયું હોવાથી ઓથોરિટી એલર્ટ થઈ ગઈ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારત અને કેનેડા વચ્ચે તાજેતરમાં સંબંધોમાં જે તંગદીલી આવી છે તેની અસર સ્ટુડન્ટ વિઝા પર પણ પડવા લાગી છે. લેટેસ્ટ આંકડા પ્રમાણે ભારતીયોના કેનેડા વિઝા રિજેક્ટ થવાનું પ્રમાણ વધી ગયું છે. હાલમાં ભારતીય સ્ટુડન્ટની લગભગ ૪૦ ટકા વિઝા અરજીઓને કેનેડા દ્વારા રિજેક્ટ કરવામાં આવે છે. એક વખત કેનેડામાં સ્ટુડન્ટ તરીકે પહોંચી જાવ ત્યાર પછી પીઆરનો રસ્તો ખુલી જશે તેમ કહીને એજન્ટો વિદ્યાર્થીઓને ભરમાવે છે. પરંતુ સ્થિતિ ઘણી મુશ્કેલ છે. તાજેતરમાં કેનેડાના ટોચના અખબાર ટોરન્ટો સ્ટારના અહેવાલ મુજબ કેનેડાની એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટમાં એડમિશન તો મળી જાય છે, પરંતુ સ્ટુડન્ટ વિઝાની અરજી કરવામાં આવે ત્યારે લગભગ અડધી અરજીઓ રિજેક્ટ થાય છે. ભારતીયોની આશરે ૪૦ ટકા અરજીઓ આવી રીતે ફગાવી દેવામાં આવી છે અને તેના માટે ચોક્કસ કારણ પણ આપવામાં આવતું નથી. બીજા દેશોની સ્ટુડન્ટ વિઝા અરજીઓ પણ રિજેક્ટ કરવામાં આવે છે પરંતુ તેમાં ભારતીયોનો રિફ્યુજલ રેટ સૌથી વધુ છે. કેનેડામાં જે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ આવે છે તેમાં ભારતીયો સૌથી આગળ છે. ડિસેમ્બર સુધીમાં લગભગ ૩.૨૦ લાખ ભારતીયોને સ્ટડી પરમિટ મળી હતી. જોકે, કેનેડામાં બધા સાથે એક સરખો વ્યવહાર થાય છે એવું નથી. કેનેડાના લોકલ સ્ટુડન્ટની તુલનામાં ભારતીય વિદ્યાર્થીઓએ લગભગ પાંચ ગણી વધારે ફી ભરવી પડે છે. આ રીતે કેનેડાની આવક વધારવામાં પણ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ મોટો હિસ્સો આપે છે. તેના કારણે જ અહીં પ્રાઈવેટ અને પબ્લિક કોલેજો ધમધમે છે. તેના કારણે સ્ટુડન્ટને લાગે છે કે કેનેડામાં ભણવાથી તેમને સરળતાથી Canada PR પણ મળી જશે. સ્ટુડન્ટ્સમાં કેનેડા માટે વધારી ચગાવીને છબિ ઉભી કરવા માટે એજન્ટો પણ જવાબદાર હોય છે. તાજેતરમાં કેનેડિયન ઈમિગ્રેશન લોયર્સ એસોસિયેશને માંગણી કરી છે કે ઓવરસિઝ એજ્યુકેશન એજન્ટોને પ્રોવિન્સના રેગ્યુલેશન હેઠળ વાવવામાં આવે અને આ એજન્ટોની વર્તણૂક વિશે એજ્યુકેશન સંસ્થાઓએ જવાબદારી લેવી જોઈએ. કેનેડાએ તાજેતરમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ માટે વિઝા મેળવવા નાણાકીય રીતે ખર્ચાળ બનાવી દીધા છે. છતાં વિઝાની અરજીઓ સતત વધતી જાય છે. તેની સાથે રિજેક્શનની ટકાવારીમાં પણ વધારો થયો છે. કેનેડાના વિઝા માટે સ્ટુડન્ટે હવે ૨૦,૬૦૦ ડોલરથી વધારે બચત દેખાડવી પડે છે. પરંતુ તેનો પણ તોડ કાઢી લેવાયો છે. ઘણા લોકો થોડા સમય માટે બેંક એકાઉન્ટમાં મોટી રકમ દેખાડીને ઓથોરિટીને ઉલ્લુ બનાવે છે. ઘણા એક્સપર્ટને બીક છે કે આ રીતે જ ચાલતું રહેશે તો કેનેડાની રેપ્યુટેશનને ફટકો પડશે. નવા આંકડા પ્રમાણે ૧ જાન્યુઆરી ૨૦૨૨થી ૩૦ એપ્રિલ ૨૦૨૩ વચ્ચે ઈમિગ્રેશન વિભાગે ૮૬૬,૨૦૬ સ્ટડી પરમિટ એપ્લિકેશનમાંથી ૪,૭૦,૪૨૭ અરજીઓ સ્વીકારી હતી. એટલે કે માંડ ૫૪ ટકાનો એક્સેપ્ટન્સ રેશિયો છે. કેનેડામાં સૌથી વધુ લર્નિંગ ઈન્સ્ટિટ્યૂટ જ્યાં આવેલી છે તે ઓન્ટારિયોમાં સ્ટુડન્ટ પરમિટ સ્વીકારવાનો રેશિયો અલગ અલગ હતો. છેલ્લા એક દાયકામાં કેનેડામાં સ્ટડી પરમિટ ધરાવતા લોકોની સંખ્યા ત્રણ ગણી વધી ગઈ છે. ૨૦૧૩માં આ આંકડો ત્રણ લાખનો હતો જ્યારે ચાલુ વર્ષે ૯ લાખ સ્ટુડન્ટને સ્ટડી પરમિટ અપાઈ હતી.

**વિશેષ** ૧૧ દેશો અને ત્રણ રાજ્યો સહિત કુલ ૫૫ પતંગબાજોએ વડોદરાના આકાશને અવનવા રંગોથી ભરી આકર્ષણ જમાવ્યું

# ગુજરાત ટુરિઝમ, વડોદરા મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી વડોદરામાં પતંગ મહોત્સવની ઉજવણી





વડોદરા શહેરના ઐતિહાસિક નવલખી મેદાન ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ગુજરાત પ્રવાસન નિગમ, વડોદરા મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૪માં વિવિધ ૧૧ દેશના ૩૭ વિદેશી પતંગબાજો તેમજ દેશના દિલ્હી, કર્ણાટક અને પંજાબ એમ ત્રણ રાજ્યોના ૧૮ પતંગબાજો સહિત કુલ ૫૫ પતંગબાજોએ દેશી તેમજ વિદેશી પતંગો વ્યોમમાં લહેરાવી વડોદરાના આકાશને અવનવા રંગોથી ભરી દીધું હતું. ભગવાન શ્રી રામની ઝાંખી કરાવતી તેમની તસવીરવાળી પતંગે ખાસ આકર્ષણ જમાવ્યું હતું. જ્યારે મહારાષ્ટ્રના પતંગબાજે એક જ દોરી પર ૭૭ પતંગ હવામાં લહેરાવી પોતાની કરતબ દ્વારા લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. વડોદરા શહેરના મેયર શ્રીમતી પિંકીબેન સોની, ધારાસભ્યશ્રી કેયુરભાઈ રોકડીયા, સ્થાયી સમિતિના ચેરમેને ડો. શીતલ મિસ્ત્રી, અગ્રણી ડો. વિજયભાઈ શાહ, મનપા કમિશનરશ્રી દિલીપ રાણા, કલેક્ટરશ્રી અતુલ ગોરે આકાશમાં રંગબેરંગી બલૂન્સ છોડીને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. મનપા કમિશનરશ્રી દિલીપ રાણા અને કલેક્ટરશ્રી અતુલ ગોરે પતંગ ઉડાવી પતંગબાજોનો ઉત્સાહ વધાર્યો હતો. મેયર શ્રીમતી પિંકીબેન સોનીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશનો અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતના વિકાસનો પતંગ સતત આકાશને આંબી રહ્યો છે. પતંગરસિકોને શુભેચ્છાઓ પાઠવતા તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પતંગ જેમ લક્ષ્ય અને ધ્યેયને ઉંચું રાખવાનું શીખવે છે, તેમ ભારતને વિકસિત બનાવવાના ઉંચા લક્ષ્યને સિદ્ધ કરવા માટે આપણે સૌએ મક્કમ નિર્ધાર સાથે સતત આગળ વધવું જોઈએ. કલા અને સંસ્કારી નગરી વડોદરામાં દેશી-વિદેશી પતંગબાજોને કલેક્ટરશ્રી અતુલ ગોરે આવકાર આપી શુભકામનાઓ પાઠવી હતી. દેશ-વિદેશના પતંગબાજોનું ગુજરાતની આગવી સંસ્કૃતિને અનુરૂપ સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. તો, દેશ-વિદેશના પતંગબાજોએ ગરબે ઘૂમીને ગુજરાતની અસ્મિતાનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે મનપાના હોદ્દેદારો, નગરસેવકો, અગ્રણીઓ સહિત બહોળી સંખ્યામાં પતંગરસિકો ઉત્સાહભેર ઉપસ્થિત રહી રંગબેરંગી પતંગોનો નજારો માણ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આજે વડોદરા બાદ ૦૯ જાન્યુઆરીના રોજ એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને દ્વારકામાં, તા. ૧૦ જાન્યુઆરીએ સુરત અને રાજકોટમાં, તા. ૧૧ જાન્યુઆરીએ ધોરડો અને વડનગરમાં તથા તા. ૧૨ જાન્યુઆરીએ નડાબેટ ખાતે પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પતંગ મહોત્સવમાં ૫૫ દેશોના ૧૫૩ પતંગબાજો, દેશના ૧૨ રાજ્યોના ૬૮ પતંગબાજો અને ગુજરાતના ૨૩ શહેરોના ૮૬૫ પતંગબાજો ભાગ લઈ રહ્યા છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવવાના છે ત્યારે તેના માટે બીજેપીના મેમ્બરો દ્વારા એરપોર્ટથી ફોટ માર્ચ યોજાઈ હતી.



વડાપ્રધાન ગાંધી આશ્રમની મુલાકાત લેવાના છે ત્યારે તેને લગતી તમામ તૈયારીઓ કરવામાં આવી હતી.



ગ્લોબલ સમિટ ૨૦૨૪ યોજવાની છે તેના માટે ગાંધીનગરમાં લાઈટીંગ કરાયું છે.

### મોરબી બાદ જૂનાગઢમાં પણ ટોલમાં મોટો ઝોલ

# જૂનાગઢમાં ટોલ બચાવવા માટે ચાલી રહેલા મોટા ખેલનો પર્દાફાશ

## આ ઘટના સામે આવ્યા બાદ તંત્ર એક્શનમાં આવ્યું છે

। જૂનાગઢ, તા.૮ ।

ગુજરાત નકલી કારોબારીઓ માટેનો અસલી અડ્ડો બની ગયું હોય તેવું લાગી રહ્યું છે..ક્યારેક નકલી અધિકારી...તો ક્યારેક નકલી જજ પકડાય....તો ક્યારેક તો આખી નકલી સરકારી કચેરીઓ અને ટોલનાકા ઊભા કરી દેવાય છે...ત્યારે જૂનાગઢમાં ટોલ બચાવવા મોટો ઝોલ કર્યાનો પર્દાફાશ થયો છે. ત્યારે આવો જોઈએ કેવી રીતે બોગસ બાયપાસથી સરકારી તીજોરીને ચોપડાય છે કરોડોનો ચૂનો.

મોરબીના વાંકાનેરમાં નકલી ટોલનાકાના કૌભાંડના આરોપ ીઓને હજુ નક્કર સજા થઈ નથી. ત્યાં જૂનાગઢમાં પણ ટોલ બચાવવા માટે મોટા ઝોલ કર્યાનો પર્દાફાશ થયો છે. આ ઘટના છે વંથલી નજીક આવેલ ગોદાઈ ટોલનાકાની. અહીંથી પસાર થવા માટે મોટા વાહનોએ ટોલ ટેક્સ ભરવો ફરજિયાત છે. પરંતુ આ ટોલથી બચવા વાહન ચાલકોએ નવી તરકીબ અપનાવી લાંબા સમયથી સરકારી તીજોરી અને નેશનલ હાઈવે ઓથોરિટીને ચોપડી રહ્યા છે કરોડોનો ચૂનો. મોરબી બાદ હવે જૂનાગઢમાં કેવી રીતે ટોલ ટેક્સ બચાવવા કૌભાંડ ચાલી રહ્યું છે તેના પર નજર કરીએ તો જેતપુરથી સોમનાથ જતા નેશનલ હાઈવે પર ગાદોઈ ટોલનાકું આવેલું છે. આ ટોલનાકા નજીક જ ગાદોઈ ગામે જવાનો રોડ છે. ટોલનાકા પર જવાના બદલે વાહન ચાલકો ગામનો રોડનો કરે છે ઉપયોગ. ગામના રોડ પરથી ટોલ ભર્યા વગર જ વાહન ચાલકો બારોબારથી પસાર થઈ જાય છે. દરરોજ ૧ હજારથી ૧૫૦૦ વાહનો ડાયવર્ટ કરી ટોલ ભરતા નથી. ટોલબુથને દરરોજ ૨થી અઢી લાખનું નુકસાન થવાના આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

જો કે આ ઝોલનો પર્દાફાશ થતા મામલતદાર, પોલીસ, આર એન્ડ બીના અધિકારીઓ અને ગામના અગ્રણીઓ દોડી આવી સ્થળ પર તપાસ હાથ ધરી હતી. ભવિષ્યને સુરક્ષીત કરવું હોય તો આ ભૂતકાળની ઘટનાઓ પરથી બોથપાઠ લેવો જરૂરી છે. જો આ નકલીના ખેલને અત્યારે રોકવામાં નહીં આવે તો એક સમય આવશે કે આખું ને આખું તંત્ર જ નકલી ઊભું કરી દેવાય તો નવાઈ નહીં જેથી આ નકલી ખેલાડીઓ પર કાયદાનો ગાળીઓ કસી દાખલારૂપ કાર્યવાહી કરવી ખુબ જ જરૂરી છે.

### વાયબ્રન્ટ સમિટને લઈને રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય

# ગાંધીનગરની સરકારી કચેરીના સમયમાં હવે ફેરફાર કરાયો

## ૧૦ જાન્યુઆરીએ ગાંધીનગર સ્થિત તમામ સરકારી કચેરી સવારે ૧૦.૩૦ના બદલે ૧૨.૦૦ વાગ્યે શરૂ થશે

। ગાંધીનગર, તા.૮ ।

ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમિટને પગલે ૧૦ જાન્યુઆરીએ VVIP મૂવમેન્ટ રહેવાની છે, ત્યારે વાયબ્રન્ટ સમિટને લઈને રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગે ૧૦ જાન્યુઆરીએ ગાંધીનગરની સરકારી કચેરીના સમયમાં ફેરફારનો નિર્ણય લીધો છે. ગાંધીનગરમાં ૧૦ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી સુધી ગુજરાત ગ્લોબલ સમિટ યોજાશે. ગાંધીનગરમાં યોજાનારી વાયબ્રન્ટ સમિટને લઈ પોલીસે બંદોબસ્ત માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે.તો બીજી તરફ વાયબ્રન્ટ સમિટને લઈને રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. ૧૦ જાન્યુઆરીએ ગાંધીનગરની સરકારી કચેરીના સમયમાં ફેરફાર કરાયો છે.ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમિટને પગલે ૧૦ જાન્યુઆરીએ VVIP મૂવમેન્ટ રહેવાની છે, ત્યારે વાયબ્રન્ટ સમિટને લઈને રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગે ૧૦ જાન્યુઆરીએ ગાંધીનગરની સરકારી કચેરીના સમયમાં ફેરફારનો નિર્ણય લીધો છે. ગાંધીનગર સ્થિત તમામ સરકારી કચેરી સવારે ૧૦.૩૦ના બદલે ૧૨.૦૦ વાગ્યે શરૂ થશે. મહાત્મા મંદિર, રાજભવન, સહિત ખાતે વી વીઆઈપી મુવમેન્ટ કારણે સરકારે આ નિર્ણય કર્યો છે.

### સુરતવાસીઓ માટે સૌથી મોટા સમાચાર

# સુરતમાં મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન હબને રેલવે વિભાગની મંજૂરી મળી

## આ પ્રોજેક્ટમાં રેલ્વે અને બસ સેવાને એક સાથે જોડવામાં આવશે

। સુરત, તા.૮ ।

સુરતવાસીઓ માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. સુરતમાં મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન હબને રેલવે વિભાગની મંજૂરી મળી ગઈ છે. કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી દર્શના જરદોશે આ અંગે વિસ્તારથી માહિતી આપતા કહ્યું કે, પ્રોજેક્ટમાં રેલ્વે મંત્રાલય દ્વારા ૬૩% રકમ ચૂકવાશે. પ્રોજેક્ટ અંતર્ગત રેલ્વે સ્ટેશનમાં અલગ-અલગ એન્ટ્રી અને એક્ઝિટ સાથે યાત્રીઓ માટે કોણકોર્સ અને વીઆઈપી લોન્જ તૈયાર કરાશે. ઈન્ટીગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન અંતર્ગત એક બસ સ્ટેશનનું નિર્માણ થશે. આ પ્રોજેક્ટમાં રેલ્વે અને બસ સેવાને એક સાથે જોડવામાં આવશે. સુરતમાં મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન હબને રેલવે વિભાગની મંજૂરી મળી ગઈ છે. એલિવેટેડ રોડ બનાવવાનો



માર્ગ મોકળો બન્યો છે. જ્યારે પ્રોજેક્ટમાં રેલવે મંત્રાલય દ્વારા ૬૩% રકમ ચૂકવાશે. ઈન્ટીગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન અંતર્ગત એક બસ સ્ટેશનનું નિર્માણ થશે. રેલવે-બસ સેવાને એક સાથે જોડવામાં આવશે. પ્રોજેક્ટમાં ૧૮ મીટર ઊંચાઈ પર રૂફ પ્લાઝા બનશે. અલગ-અલગ કોમર્શિયલ પ્લાઝા પણ બનાવવામાં આવશે. ઈન્ટીગ્રેટેડ મોડમાં ઈન્ટરસિટી બસ સ્ટેશન, ઈન્ટર સ્ટેટ બસ સ્ટેશન, કોમર્શિયલ ટાવર, ત્રણ સબર્બ પ્લેટફોર્મ, મોલ રહેશે.

### સરકાર સામે શિક્ષકો લડી લેવાના મૂડમાં

# કામરેજમાં શિક્ષકોનો હુંકાર- જૂની પેંશન યોજના લાગુ કરો

## સરકાર શાનમાં સમજી જાય અને શિક્ષકોની જૂની પેંશનની માંગ સ્વીકારે, નહીંતર આખા ગુજરાતમાં શિક્ષકોનો અવાજ બુલંદ બનશે

। (એજન્સી) કામરેજ, તા.૮ ।

કામરેજ ખાતે દક્ષિણ ઝોનના સાત જિલ્લાના શિક્ષકો જૂની પેંશન યોજના શરૂ કરવાની માંગ સાથે ધરણા કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતીશ પટેલ અને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ કિરીટ પટેલે કામરેજમાં હુંકાર કર્યો હતો કે, ખાલી દક્ષિણ ઝોનના શિક્ષકો ભેગા થયા છે અને હજી ત્રણ ઝોન ના શિક્ષકોની મીટિંગ બાકી છે. સરકાર શાનમાં સમજી જાય અને શિક્ષકોની જૂની પેંશનની માંગ સ્વીકારે, નહીંતર આખા ગુજરાતમાં શિક્ષકોનો અવાજ બુલંદ બનશે. ફરી એક વાર રાજ્યમાં શિક્ષકોનો જૂની પેંશન યોજનાને લઈને શિક્ષકોનો ગણગણાટ શરૂ થયો છે ત્યારે કામરેજ દાદા ભગવાન હોલમાં દક્ષિણ ઝોનના સુરત, ભરૂચ, તાપી, નર્મદા, નવસારી, ડાંગ, વલસાડના શિક્ષકો કામરેજ ખાતે ભેગા થયા હતા. જૂની પેંશન યોજનાને લઈ કામરેજ ખાતે ધરણા કાર્યક્રમ યોજાયો હતો.

આજે કામરેજ ખાતે દક્ષિણ ઝોનની શિક્ષકોની મીટિંગ મળી હતી. જેમાં ગુજરાત રાજ્ય કર્મચારી સંયુક્ત મોરચાનો ટેકો પણ છે. જેમાં તલાટી, આરોગ્ય કર્મચારી સહિત ઘણા કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. મંચ પરથી શિક્ષણ સંઘના આગેવાનોએ હુંકાર કર્યો હતો કે, રાજ્ય સરકાર શાનમાં સમજી જાય અને જૂની પેંશન યોજના અમલ કરે.







### નેપાળથી નશીલા પદાર્થ લાવી સુરતમાં વેચવાના કૌભાંડનો પર્દાફાશ કરાયો

। સુરત, તા.૮ ।

સારોલીમાં ચરસ ઝડપાયું છે. સરોલી પોલીસે ચોક્સસ બાતમીના આધારે નશીલા પદાર્થોની હેરફેર અને વેચાણના કૌભાંડને ઝડપી પાડવાની કવાયતના ભાગરૂપે ૮ કિલો ચરસ ઝડપી પાડ્યું છે. ૨ નેપાળી યુવાનોની ધરપકડ કરી પોલીસે વધુ પૂછપરછ હાથ ધરી છે. સારોલી પોલીસે બાતમીના આધારે નશીલો પદાર્થ ઝડપી પાડ્યો છે. પોલીસને માહિતી મળી હતી કે ૮ કિલો ચરસ લાવવામાં આવ્યું છે.

